નવમું નોરતું



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 01 | AD - 2025, Aso sud-09 | Wednesday, Dt.01-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

| તંત્રી સ્થાનેથી

## નવમા નોરતે ૯ મા વર્ષમાં મંગલ પ્રવેશ

આજકાલ કરતા કરતા સંજોગ ન્યૂઝ ને આઠ વર્ષ પૂરા થયા અને હવે નવમા મંગલ વર્ષમાં આપણે પ્રવેશ કરી રહ્યા છીએ. આ એક પરમ ધન્યતાની ઘડી છે. સંજોગ ન્યૂઝ આમ તો અમરવલ્લીના જોગ-સંજોગના લેખાજોખા કરતું અખબાર છે. સપ્તાહના સાત દિવસ પ્રગટ થાય છે. અને છેલ્લા આઠ વર્ષથી અવિરત આપના કર કમળમાં અમે એને પ્રસ્તુત કરતા રહ્યા છીએ. પરંતુ નામ પ્રમાણે સંજોગ ન્યૂઝ દૈનિકે પણ ઘણા સંજોગોમાંથી પસાર થવાનું આવ્યું છે. એ સમયે અમારા તમામ વાંચકો અમારી સાથે રહ્યા છે એનું અમે વિશેષ સ્મરણ કરીએ છીએ. આજના પરમ મંગલ દિવસે અમે અમારા સર્વ વાંચક બંધુઓ, વિજ્ઞાપનદાતાઓ, વરિષ્ઠ સરકારી અધિકારીઓ, ગામે ગામના પ્રેસ પ્રતિનિધિઓ, અને એજન્ટ ભાઈઓ તરફ અમારો ઋણાનુબંધ વ્યક્ત કરીએ છીએ અને તેમની અમારા પ્રત્યેની લાગણીનો સ્વીકાર કરીએ છીએ. તેઓએ સંપીને સંજોગને અડીખમ ઊભું રાખ્યું છે. એક દૈનિકની જિંદગીમાં આઠ વર્ષ બહુ લાંબો સમય ન કહેવાય તો પણ નવા દૈનિક માટે એકે એક દિવસ બહુ જ મહત્વનો હોય છે. અમરેલી જિલ્લાના અને આજુબાજુના કેટલાક અન્ય જિલ્લાના પણ ગ્રામ વિસ્તારો સુધી એટલે કે સમગ્ર દક્ષિણ સૌરાષ્ટ્રમાં સંજોગ હવે પહોંચતુ થયું છે એનો આનંદ છે. અને એમાં સંજોગના સ્ટાફ અને એજન્ટોનું મહત્વનું યોગદાન છે. અમરેલી અનેકવાર ગુજરાતના રાજકારણમાં વિશિષ્ટ પડઘો પાડનારું કેન્દ્ર છે. એ જ રીતે અમરેલી સમગ્ર સૌરાષ્ટ્રનું એક આગવું વિદ્યાનગર એટલે કે શૈક્ષણિક પાટનગર છે. વળી અમરેલીના એટલે કે આપણા અનેક વતનના રતન દેશ અને દુનિયામાં ડંકો બજાવી રહ્યા છે. અમરેલી પાસે પોતાની કલા સાહિત્ય અને અને સંગીતની વિશિષ્ટ સંપદા છે. અમરેલી એક ઉત્સવ ઘેલું નગર છે. અને હવે મહાનગર થવા જઈ રહ્યું છે. આવા સમયે ગુજરાતી પત્રકારત્વની જવાબદારી વધે છે. મોટા દૈનિકોની વચ્ચેથી પસાર થતું પ્રાદેશિક દૈનિક સંજોગ ન્યૂઝ અમરેલી અંગેના પોતાના સપનાઓને સાકાર કરવા માટે નિત્ય નૂતન પ્રભાતે પ્રગટ થાય છે. રવિવાર અને બુધવારની વિશિષ્ટ પૂર્તિઓ સાથે આપણે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સમાચારો અને સ્થાનિક સમાચારોની સમતુલાથી દૈનિક પ્રગટ કરીએ છીએ. વાંચકોને સંજોગનું અખબારી સ્વરૂપ પસંદ આવ્યું છે એનો પણ અમને આનંદ છે. ડેઈલી હન્ટ ન્યૂઝ સાઈટ દ્વારા હવે નિરંતર આંતરરાષ્ટ્રીય ગુજરાતી સમુદાય સુધી સંજોગ ન્યૂઝના બ્રેકિંગ સતત પહોંચે છે એનો આનંદ છે. ઉપરાંત સંજોગ ન્યૂઝની ડિજિટલ આવૃત્તિ સતત ફોરવર્ડ થતી રહીને લાખો નકલ સુધી પહોંચી છે. એ સહુ ડિજિટલ વાંચકોનો પણ આભાર માનીએ છીએ.નવલા નવમા નોરતે આજે નવમા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે અમે આપ સૌની જાહેરમાં સહ વિવેક અભિવંદના કરીએ છીએ.

- તંત્રી



હાર્દિક શુભેચ્છા
લોકપ્રશ્નને વાચા આપી લોકોના હૃદયમાં અનેરૂં સ્થાન ધરાવતું અને સપ્તાહમાં સાતેય દિવસ પ્રસિધ્ધ થતું દૈનિક
સંજોગ ન્યૂઝ
આપણી વાત આપણું અખબાર...
ને ૯ મા વર્ષમાં મંગલ પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છા અને ઉત્તરોત્તર પ્રગતિ કરી સફળતાના શિખર સર કરે તેવી શુભકામનાઓ
શુભેચ્છક
હિમાંશુભાઈ ધાનાણી
ડિઝાઈન પોઈન્ટ

હાર્દિક શુભેચ્છા
લોકપ્રશ્નને વાચા આપી લોકોના હૃદયમાં અનેરૂં સ્થાન ધરાવતું અને સપ્તાહમાં સાતેય દિવસ પ્રસિધ્ધ થતું દૈનિક
સંજોગ ન્યૂઝ
ને ૯ મા વર્ષમાં મંગલ પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છા અને ઉત્તરોત્તર પ્રગતિ કરી સફળતાના શિખર સર કરે તેવી શુભકામનાઓ
:: શુભેચ્છક ::
શ્રી કાળુભાઈ ભંડેરી
અગ્રણી ઉદ્યોગપતિ, અમરેલી

હાર્દિક શુભેચ્છા
લોકપ્રશ્નને વાચા આપી લોકોના હૃદયમાં અનેરૂ સ્થાન ધરાવતું અને સપ્તાહનાં સાતેય દિવસ પ્રસિધ્ધ થતા એકમાત્ર દૈનિક
સંજોગ ન્યૂઝ
ને ૯ મા વર્ષમાં મંગલ પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છા અને ઉત્તરોત્તર પ્રગતિ કરી સફળતાના શિખર સર કરે તેવી શુભકામનાઓ
શુભેચ્છક
શ્રી જયદિપ બી. હિરપરા (મહામંત્રીશ્રી)
શ્રી પ્રદિપભાઈ આર. નાકરાણી (પ્રમુખશ્રી)
શ્રી સરદાર પટેલ સોશ્યલ ગૃપ (તાલુકા સંગઠન) બગસરા–તમામ સભ્યશ્રીઓ
શ્રી ધીરૂભાઈ એચ. પીપળીયા – વા.ચેરમેનશ્રી
શ્રી કિરીટ ડી. નળીયાધરા –ચેરમેનશ્રી
શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી. બગસરા
તમામ ડિરેક્ટરશ્રીઓ

હાર્દિક શુભેચ્છા
લોકપ્રશ્નને વાચા આપી લોકોના હૃદયમાં અનેરૂં સ્થાન ધરાવતું અને સપ્તાહમાં સાતેય દિવસ પ્રસિધ્ધ થતું દૈનિક
સંજોગ ન્યૂઝ
ને ૯ મા વર્ષમાં મંગલ પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છા અને ઉત્તરોત્તર પ્રગતિ કરી સફળતાના શિખર સર કરે તેવી શુભકામનાઓ
:: શુભેચ્છક ::



ઉદયન ત્રિવેદી B.A.LL.B.,LL.M.,D.H.R.
પૂર્વ પ્રમુખ : અમરેલી જીલ્લા બ્રહ્મસમાજ
ચેરમેન : નોટરી એસોશિએશન ગુજરાત રાજય
ઉપપ્રમુખશ્રી : નોટરી એસોશિએશન (સૌરાષ્ટ્ર ઝોન)
Amreli Office : 1st Floor, Tapovan Complx, Opp. Airport,Chital Road, Amreli- 365 601
Surat Office : 301, 3rd Floor, Shiv Mangalam, B/h. Bahumali Bhavan Building, Nanpura, Surat -39500
Babra Office : Opp. Police Station, Babra, Dist. Amreli, Ph. : 02791- 233116



૭૨ મા જન્મદિન નિમિત્તે
ખૂબ ખૂબ શુભકામનાઓ
પરશોત્તમભાઈ રૂપાલા
સાંસદશ્રી– રાજકોટ
પરશોત્તમભાઈ રૂપાલા નાં
૭૨ માં જન્મદિન નિમિત્તે તેઓને દીધાર્યુ, યશ, કિર્તિ, પ્રતિષ્ઠા મળે તેવી ખુબ–ખુબ શુભકામનાઓ.....
શુભેચ્છક
અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
''અમર ડેરી''
અમર ત્રિભેટો, ધારી રોડ –અમરેલી ૩૬૫ ૬૦૧
શ્રી ડો.આર.એસ.પટેલ મેનેજીંગ ડીરેકટર
શ્રી મુકેશભાઈ સંઘાણી વાઈસ ચેરમેન
શ્રી અશ્વિનભાઈ સાવલીયા ચેરમેન
તથા બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ



૭૨ મા જન્મદિન નિમિત્તે
ખુબ ખુબ શુભકામનાઓ
શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી
સાંસદશ્રી– રાજકોટ
(પૂર્વ આચાર્યશ્રી)
પરશોત્તમભાઈ રૂપાલાજી નાં
૭૨ મા જન્મદિન નિમિત્તે તેઓને દીધાર્યુ, યશ, કિર્તિ, પ્રતિષ્ઠા મળે તેવી ખુબ–ખુબ શુભકામનાઓ.....
શુભેચ્છક
ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ
શાળા પરિવાર વતી
મયુર ગજેરા (સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા)
નિલેશ ગજેરા (ડાયરેક્ટર)
પ્રહલાદ વામજા (કેમ્પસ ડાયરેક્ટર)

**જી.એસ.ટી.ના ઘટાડાનો નિર્ણય છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે**

# મુખ્યમંત્રીનો વીડિયો કોન્ફરન્સના માધ્યમથી અમરેલી જિલ્લાના વેપારીઓ સાથે સંવાદ

અમરેલી,તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ વીડિયો કોન્ફરન્સમાં વેપારી સંગઠનો અને ઉદ્યોગ સંગઠનો સાથે જી.એસ.ટી. દરમાં થયેલા ઘટાડા અંગે ચર્ચા કરી હતી.

મુખ્યમંત્રીએ વીડિયો કોન્ફરન્સમાં સ્વદેશી ઉત્પાદનોના વેચાણ અને જી.એસ.ટી. ઘટાડાના નિર્ણયને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે જણાવ્યું હતું. આ વીડિયો કોન્ફરન્સમાં અમરેલી જિલ્લામાંથી અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ, અમરેલી અર્બન ચેમ્બર ઓફ કોમર્સ, અમરેલી વેપારી મહામંડળ એસોસિએશન, ઓઈલ મીલ એસોસિએશન, લઘુ ઉદ્યોગ ભારતી, ધી સ્કેલ મેન્યુફેક્ચરીંગ એસોસિએશન,



સાવરકુંડલા, ચેમ્બર ઓફ કોમર્સ બગસરા, રાજુલા, અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગુજરાત ઔદ્યોગિક વસાહત જાફરાબાદ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન, બાબરા જીઆઈડીસી-૧ એસોસિએશન, અમરેલી જિલ્લા એગ્રો ઈનપુટ એસોસિએશન, સુવર્ણકાર સંઘ, અમરેલી, અમરેલી ડિસ્ટ્રિક્ટ ડાયમન્ડ એસોસિએશન, સોલ્ટ એસોસિએશન, ચાંચ (વિક્ટર), રાજુલા જિનીંગ એસોસિએશન, બાબરા જીઆઈડીસી - ૨ એસોસિએશન સહિતના વેપારી અને ઉદ્યોગ સંગઠનો જોડાયા હતા.

# મગફળીની ખરીદીમાં ખેડૂત દીઠ મર્યાદામાં વધારો કરવા રજૂઆત

અમરેલી,તા.૩૦

તાજેતરમાં સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવા અંગેની નીતિ જાહેર કરેલ છે જેમાં ખેડૂતો પાસેથી મર્યાદિત જથ્થામાં મગફળી ખરીદવાની થાય છે ચાલુ ચોમાસાની સિઝનમાં અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ખેડૂતો દ્વારા ખૂબ જ મોટા પ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યું છે જેમાં નાના ખેડૂતોને પણ ૧૫૦ થી વધુ પણ





મગફળીનું ઉત્પાદન થયેલ છે તેથી ખેડૂત દીઠ ટેકાના ભાવે મગફળીની ખરીદીની જે મર્યાદા નક્કી કરી છે તેમાં વધારો કરી ખેડૂતો દીઠ ૨૦૦ મણની મર્યાદા કરવામાં આવે તેવી ધારાસભ્યો મહેશ કસવાળા અને જે.વી. કાકડિયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

# સાડા ત્રણ વર્ષના બાળકે ૧૯ મહિલા ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટ આપી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું

ધારી,તા.૩૦



"સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન" કાર્યક્રમ અંતર્ગત ધારી સી.એસ.સી ખાતે નિક્ષય મિત્ર રિયાંશરાજ કૌશિકભાઈ દાફડા (ઉંમર ૩.૫ વર્ષ) તરફથી ધારી તાલુકાની ૧૯ મહિલા ટીબી પેશન્ટને નિક્ષય પોષણ કીટ આપવામાં આવી છે. રિયાંશરાજ દેશનો બીજો સૌથી નાનો નિક્ષય મિત્ર બન્યો છે. નાની વયમાં આવું કામ કરી સેવાકીય કાર્યનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# બગસરામાં યોજાયેલા સર્વરોગ નિદાન કેમ્પમાં ૪૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

અમરેલી,તા.૩૦

બગસરા ખાતે આજરોજ સરકારી હોસ્પિટલમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં અવ્યું હતુ. જેમાં ૪૦૦થી વધુ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો. બગસરામાં આવેલી સરકારી હોસ્પિટલ ખાતે સવારના ૯ કલાકે આગેવાનોએ દીપ પ્રાગટ્ય કરી



સર્વરોગ નિદાન કેમ્પને ખુલ્લો મુક્યો હતો. આ કેમ્પમાં ગાયનેક, પીડીયાટ્રીશીયન, માનસિક, ફીઝીશીયન, સ્કીન અને જનરલ ઓપીડીના ડોકટરો હાજર રહ્યાં હતા. બગસરા સરકારી દવાખાને સર્વરોગ નિદાન કેમ્પ હોવાથી સવારથી જ દર્દીઓએ લાઈન લગાવી હતી. જેમાં ૪૪૪ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. ડોકટરોએ તમામ દર્દીઓને તપાસી જરૂરી દવાઓ સરકારી દવાખાનામાંથી જ આપવામાં આવી હતી.

# સાવરકુંડલામાં ગુણુબાપૂની ૪૭મી પૂણ્યતિથિ ઉજવાઈ

સાવરકુંડલા,તા.૩૦



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા ગુણવંત નિમાવત સ્મારક ટ્રસ્ટ દ્વારા ગુણુબાપુની ૪૭મી પુણ્ય તિથિ નિમિતે સરકારી દવાખાને ફ્રુટ - બિસ્કીટ વિતરણ કરેલ હતુ. ટ્રસ્ટના પ્રમુખ હરેશભાઈ ભટ્ટ, કે. ડી. મહેતા, પ્રકાશભાઈ ગૌસ્વામી, મૂકેશભાઈ જેઠવા, ધનજીભાઈ કાચા, મનુભાઈ શેલાર, મનુભાઈ મૈસુરિયા (કાપડવાળા), નંદલાલભાઈ સાદિયા સહિતના સ્વયં સેવકોએ સારી સેવા આપી હતી.

# ધારી ગળધરા ખોડીયાર મંદિરે શેરી ગરબાનું કરાયુ આયોજન

ધારી,તા.૩૦

ધારી સ્થિતિ ગળધરા ખોડિયાર મંદિરે શરદ પૂર્ણિમાના અવસરે નવરાત્રિ શક્તિ પર્વ-૨૦૨૫ અંતર્ગત શેરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકની કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર અમરેલી દ્વારા આગામી તા. ૦૬ના રોજ રાત્રિના ૮.૦૦ કલાકથી આ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં રાજ્યના ખ્યાતનામ કલાકારો જીતેન્દ્રભાઈ પંડ્યા, હર્ષાબેન બારોટ, ગોપાલભાઈ પરમાર તથા કલાવૃંદ સૂર અને તાલ રેલાવશે. આ કાર્યક્રમનો લાભ લેવા ધારી તેમજ આસપાસના રહીશોને અમરેલી જિલ્લા વહીવટીતંત્ર વતી જિલ્લા યુવા વિકાસ અધિકારીએ અનુરોધ કર્યો છે.

# ચલાલા સ્ટેશનપરા વિસ્તારમાં મહીલા મંડળ દ્વારા નવરાત્રિનું આયોજન

અમરેલી,તા.૩૦



હાલ અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડી રહ્યો છે ત્યારે ચલાલા સ્ટેશનપરા વિસ્તારમાં મહિલા મંડળ દ્વારા વરસાદ હોવા છતાં બાળાઓ પ્રાચિન ગરબીમાં ઘુમી હતી. વરસાદમાં પણ બાળાઓએ માંની આરાધના કરી ધન્યતા અનુભવી હતી.

## બગસરા સામુદ્રી માતાજી મંદિરે આઠમનો હવન યોજાયો



બગસરામાં સાતલડી નદીના કાંઠે બિરાજતા દશા,વિશા, કપોળ વણિક અને કંડોળીયા બ્રાહ્મણના કુળદેવી સામુદ્રી માતાજીના મંદિરે આઠમનો હવન યોજાયો હતો. સાંજના સમયે બીડુ હોમવામાં આવ્યું હતુ. સામુદ્રી માતાજીના મંદિરે ભાવિકોની ભીડ ઉમટી પડી હતી.













**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં//-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૬૯/૨૦૨૫

પ્રતિ,
શ્રી રાયસિંગભાઈ વિરભણભાઈ ઝાલા,
રહે.સિંધાજ, ગામ-સિંધાજ, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર
વકીલશ્રી, એમ.એમ.કાતિરા કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સિંધાજ, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના સિંધાજ ગામના રહીશ **વીરભણભાઈ ભગવાનભાઈ ઝાલા તથા કડવીબેન વીરભણભાઈ ઝાલાના પુત્ર કાદુભાઈ વીરભણભાઈ ઝાલાનો** જન્મ **તારીખ:૦૧/૦૬/૧૯૭૨** ના રોજ કોડીનાર તાલુકાના સિંધાજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, સિંધાજ, તાલુકો-કોડીનાર સને-૧૯૭૨ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૧/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
(એસ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



# બગસરામાં ગાડી વેચવાના બહાને લાખોની છેતરપિંડી: ઠગે ખોટું નામ ધારણ કરીને રૂ.૩.૮૫ લાખ પડાવ્યા

**રકમ મળી ગયા બાદ ઠગબાજે સંપર્ક તોડી નાખ્યો**

બગસરા, તા. ૩૦

બગસરા ખાતે એક વ્યક્તિ સાથે ફોર-વ્હીલ કાર વેચવાના નામે રૂ.૩,૮૫,૦૦૦ની છેતરપિંડી થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. ઠગબાજે પોતાનું ખોટું નામ આપીને, ડોકટરની ગાડીના ફોટા બતાવીને વિશ્વાસમાં લીધા બાદ આંગડિયા પેઢી મારફતે રકમ પડાવી લીધી હતી.પોલીસના જણાવ્યા મુજબ, એક અજાણ્યા ઠગબાજે પોતાના ફોનમાંથી ફરિયાદીને ફોન કર્યો હતો અને પોતે 'ધવલ પટેલ' હોવાનું જણાવી ખોટું નામ ધારણ કર્યું હતું. આ શખ્સે ફરિયાદીને સાક્ષી સંજયભાઈ સોરઠીયા (રહે. બગસરા)ની માલિકીની હ્યુન્ડાઈ વેન્યુ (GJ-૦૬ PA-૭૪૭૦) ફોર-વ્હીલરના ફોટા બતાવ્યા હતા. તેણે ફરિયાદી અને સાક્ષી જયસુખભાઈ રાડોડ તેમજ ડોકટર સંજયભાઈ સોરઠીયાને વિશ્વાસમાં લીધા હતા અને ગાડી બગસરા ખાતે રૂબરૂ જોવાનું પણ કહ્યું હતું.ઠગબાજે વેન્યુ ગાડી વેચવા બાબતે વાતચીત કરીને ફરિયાદી પાસેથી ગાડીની કિંમત પેટે રૂ.૩,૮૫,૦૦૦/- ની માંગણી કરી હતી.વિશ્વાસમાં આવી ગયેલા ફરિયાદીએ આ રકમ પી. એમ. આંગડિયા પેઢી રાજુલા મારફતે મોકલી આપી હતી. રકમ મળી ગયા બાદ ઠગબાજે સંપર્ક તોડી નાખ્યો હતો અને ગાડીની ડિલિવરી આપી નહોતી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા ફરિયાદીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈએ ડી ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા પંથકમાં શાકભાજીના પોષણક્ષમ ભાવ ન મળતાં મરચાં-કારેલા નદી-નાળામાં ફેંક્યા

બગસરા,તા.૩૦



તસવીર : હાર્દિક બામટા

બગસરા પંથકમાં જગતનો તાત બેવડી મુશ્કેલીમાં મુકાયો છે. એક તરફ વરસાદે ખેતરોમાં રાખેલા મગફળીના તૈયાર પાકને નુકસાન પહોંચાડ્યું છે, ત્યારે બીજી તરફ શાકભાજી પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો ન મળતાં તેમની મુશ્કેલીમાં વધારો થયો છે. કોબી, કારેલા, રીંગણા અને મરચાંના સાવ નજીવા ભાવો મળવાથી નારાજગી વ્યક્ત કરીને ખેડૂતો કંટાળી ગયા છે. તેમણે પોતાના શાકભાજીને વેચવાને બદલે ગાયોને ખવડાવવા માટે મજબૂર બન્યા હતા. જોકે, ગાયોએ પણ મરચાં અને કારેલા જેવા શાકભાજી ન ખાતાં, આખરે ખેડૂતોએ રોષ વ્યક્ત કરીને આ શાકભાજીને નદી-નાળાઓમાં ફેંકી દેવા માટે મજબૂર બનવું પડ્યું હતું. ખેડૂતોએ સરકાર પાસે માંગ કરી છે કે, તેમની મુશ્કેલી સમજીને શાકભાજીના પૂરતા ભાવો આપવામાં આવે, જેથી જગતના તાત પર આવી પડેલી આ મુશ્કેલીમાં સરકાર સહાયરૂપ બની શકે.

# અમરેલી જિલ્લામાં મેઘરાજાએ ખમૈયા કરતા ખેલૈયામાં મોજ

**સતત બે દિવસથી અર્વાચિન ગરબીને બંધ રાખવાની ફરજ પડી હતી**

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લામાં છેલ્લાં બે દિવસથી સતત ધોધમાર વરસાદ પડી રહ્યો છે. વરસાદને કારણે મગફળી,કપાસના પાકને નુકસાની ગયા બાદ ખેલૈયાઓમાં પણ નિરાશા સાંપડી હતી. છેલ્લાં બે દિવસથી અવિરત વરસાદ પડતો હોવાથી અમરેલી સહિત અન્ય શહેરોમાં યોજાતા અર્વાચિન રાસ ગરબાને બંધ રાખવાની આયોજકોએ ફરજ પડી હતી. ગરબા બંધ રહેતા ખેલૈયાઓમાં પણ નિરાશા જોવા મળી હતી અને નવરાત્રિમાં મેઘરાજા ખમૈયા કરે તેવી ખેલૈયાઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવતી હતી. જો કે ખેલૈયાઓની પ્રાર્થના મેઘરાજાએ સાંભળી હોય તેમ મંગળવારે મેઘરાજાએ ખમૈયા કરતા ખેલૈયાઓમાં આનંદ છવાયો હતો. હવે ફક્ત આજનો દિવસ જ અર્વાચિન રાસ-ગરબાનો હોય ખેલૈયાઓ પણ મન ભરીને રમી લેવાના મૂડમાં દેખાય રહ્યાં છે.

# ગજેરા કેમ્પસના ખેલાડીઓએ રાજ્યકક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં મેડલ પ્રાપ્ત કર્યા

અમરેલી,તા.૩૦



અમરેલીના ગજેરા કેમ્પસ-વિદ્યાસભા DLSS ખેલાડીઓએ S.G.F.Iની રાજ્યકક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં સુવર્ણ અને કાંસ્ય પદક પ્રાપ્ત કરીને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

ગજેરા કેમ્પસના ખેલાડીઓ રાઠોડ બિંદીયા એ ૨૦૦ મીટર દોડ સુવર્ણ પદક, ૪૦૦ મીટર દોડ કાંસ્ય પદક, મેર દિપાલી એ ૮૦૦ મીટર દોડ સુવર્ણ પદક, ૧૫૦૦ મીટર દોડ રજત પદક, કેરાલા નિધિ એ ૩૦૦૦ મીટર દોડ સુવર્ણ પદક, નકુમ માર્ગીએ ૪૦૦ મીટર દોડ સુવર્ણ પદક, ૮૦૦ મીટર દોડ કાંસ્ય પદક, ભુરીયા આકાશ એ ૪૦૦ મીટર દોડ સુવર્ણ પદક, ૮૦૦ મીટર દોડ સુવર્ણપદક), દૂધવાલા મહાવીર એ ત્રીપલ જંપ રજત પદક, ૭ તાવ્યા નવ્યા એ ૩૦૦૦ મીટર રેસ વોક કાંસ્ય પદક, મેણીયા અનમોલ એ ૫૦૦૦ મીટર રેસ વોક રજત પદક, સાટીયા યસ એ હાઈ જંપ કાંસ્ય પદક, લોંગ જંપ રજત પદક, ગોહિલ નવ્યા એ ૨૦૦ મીટર દોડ રજત પદક, વાઘેલા ચાંદની એ ૧૫૦૦ મીટર દોડ સુવર્ણ પદક, મોરી રીતીક્ષા એ લોંગ જંપ કાંસ્ય પદક મેળવેલ તેમજ ૪*૧૦૦ રીલે નકુમ માર્ગી, મોરી રક્ષિતા, ગોહેલ નયના, રાઠોડ બિંદિયાએ સુવર્ણ પદક મેળવેલ, ૪*૪૦૦ રીલે મેર દિપાલી, વાઘેલા ચાંદની,ખેરાળા નિધિ, મકવાણા દક્ષા એ સુવર્ણ પદક મેળવેલ, ૪*૪૦૦ રીલે ભુરીયા આકાશ, તાવીયા કેવલ, સારોલા પાર્થ, જાદવ મનીષએ સુવર્ણ પદક મેળવેલ વગેરે મળી કુલ ૮ સુવર્ણ પદક, ૬ રજત પદક અને ૬ કાંસ્ય પદક મેળવેલ હતા. આ તકે સંસ્થાએ ખેલાડીઓ, કોચ અને ટ્રેનરને અભિનંદન પાઠવ્યા હતા.

# લાઠીના છભાડિયા ગામે યુવકની મોત નિપજાવનાર દંપતીની ધરપકડ

અમરેલી,તા



લાઠી તાલુકાના છભાડીયા ગામે ગઈકાલે યુવકની હત્યા નિપજાવનાર દંપતીની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. લાઠી તાલુકાના છભાડીયા ગામે ગઈકાલે પ્રેમ સંબંધના મુદ્દે માથાકૂટ થતા દુર્ગાબેનને રવિ બાહોપિયા અને તેના ભાઈ મનીષ બાહોપીયા સાથે માથાકૂટ થઈ હતી જે બાબતે બોલાચાલી થયા બાદ ઝઘડો ઉગ્ર સ્તરે પહોંચતા રવિ અને મનીષે દુર્ગાબેનના માથામાં લાકડીનો ઘા માર્યો હતો. ત્યારબાદ દુર્ગાબેન અને તેના પતિ તુલસીભાઈએ મનીષને પકડી રાખતા તુલસીભાઈના સગીર વયના પુત્રએ છરીનો એક ઘા મનીષના પડખામાં મારી દેતા સારવાર દરમિયાન મનીષનું મોત નિપજ્યું હતું. જેમાં દામનગર પોલીસે હત્યાનો ગુનો નોંધતા પોલીસે દુર્ગાબેન અને તુલસીભાઈ માંડવીયાની અટકાયત કરી છે.

# પૂરપાટ ઝડપે આવતી ST બસે પીકઅપ બોલેરોને ટક્કર મારી, બે મહિલાઓને ઈજા

**સાવરકુંડલા-જેસર હાઇવે પર ગંભીર અકસ્માત**

અમરેલી, તા. ૩૦

સાવરકુંડલા-જેસર હાઈવે પર વંડા ગામ પાસે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં ST બસના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવીને એક પાર્ક કરેલી મહિન્દ્રા પીકઅપ બોલેરોને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બે મહિલાઓને ઈજા પહોંચી હોવાના અહેવાલ છે. બનાવની વિગત એવી છે કે, ફરિયાદીએ પોતાની મહિન્દ્રા પીકઅપ બોલેરો (GJ-૧૪-W-૪૭૯૨) વંડા ગામ નજીક આવેલ ગુજરાત ગેરેજ પર હોર્નનું કામ કરાવવા માટે ઊભી રાખી હતી. આ સમયે જેસર તરફથી આવતી કેસરી કલરની ST બસ (GJ-૧૮-Z-૮૨૨૫) ના ચાલકે માનવ જિંદગી જોખમાય તે રીતે પૂરઝડપે બસ હંકારી હતી. બસ ચાલકે પીકઅપ બોલેરો ગાડીના પાછળના ભાગે ધડાકાભેર ટક્કર મારી હતી.આ અકસ્માતને કારણે પીકઅપ બોલેરો ગાડીને મોટું નુકસાન થયું હતું, તેમજ તેમાં હાજર રહેલા ફીરદોષબેન દાદાભાઈ ભટ્ટી અને રસીદાબેન દાદાભાઈ ભટ્ટી ને ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે પોલીસે ST બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વંડા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.જે.લકુમ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની ગીતાંજલિ સોસાયટીમાં ધર્મ અને સંસ્કૃતિના જતન માટે શસ્ત્ર પૂજનનું આયોજન

સાવરકુંડલા, તા. ૩૦



આદ્યશક્તિ મા નવદુર્ગાની આરાધનાના પર્વ નવરાત્રીની પૂર્ણાહુતિ સાથે જ વિજયાદશમી એટલે કે દશેરાના પવિત્ર દિવસે સાવરકુંડલાની ગીતાંજલિ સોસાયટી પરિવારે શસ્ત્ર પૂજનના ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું છે. આદિ અનાદિ કાળથી ચાલી આવતી શસ્ત્ર પૂજનની પરંપરાને જીવંત રાખવા અને હિન્દુ સંસ્કૃતિનું મહત્વ આવનારી પેઢીને સમજાવવાના ઉદ્દેશ્યથી આ કાર્યક્રમ ગીતાંજલિ સોસાયટીના ગરબી સ્થાન પર યોજાયો હતો. વિજયાદશમી એ મા જગદંબાએ વિરાટ સ્વરૂપ ધારણ કરીને અસુરોનો સંહાર કર્યો તે વિજયનું પર્વ છે. આ દિવસે શાસ્ત્રોની સાથે સાથે શસ્ત્રોનું પૂજન પણ એટલું જ જરૂરી છે. આ ધાર્મિક કાર્યક્રમમાં ગીતાંજલિ સોસાયટીના દરેક ઘરના વડીલો, યુવાનો, ભાઈઓ, માતાઓ, બહેનો, બાળકો અને બાલિકાઓ સહિત સમગ્ર પરિવારે ઉત્સાહભેર સહભાગી બની શસ્ત્ર પૂજન કરીને ધન્યતા અનુભવી હતી. આ આયોજન દ્વારા સોસાયટી દ્વારા ધર્મ અને સંસ્કૃતિના જતનની પ્રેરણા આપવામાં આવી હતી.




# સાવરકુંડલામાં ભગતસિંહ યુવા ગૃપ દ્વારા નવરાત્રીમાં ઉજ્જૈનની આરતીના દર્શન કરાયા

સાવરકુંડલા,તા.૩૦

સાવરકુંડલામાં મેલડી ચોક જયશ્રી સિનેમા પાસે ભગતસિંહ યુવા ગ્રુપ દ્વારા નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સોમવારના રોજ અંબા માતાજીની આરતી બાદ રુદ્ર સ્વરૂપ મહાકાલ મહારાજ ઉજ્જૈનની આરતીના દર્શન પણ યોજાયા હતા. આ આરતી બાદ સ્વ.મેહુલભાઈ મેપાભાઈ ભરવાડ જે ભારત દેશ માટે શહીદ થયા છે તેનો શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરના આગેવાનો શહેરીજનો રાષ્ટ્રપ્રેમીઓ, દરેક જ્ઞાતિના આગેવાનો મોટી સંખ્યામાં વડીલો, યુવાનો, માતાઓ, બહેનો ઉપસ્થિત રહ્યાં હતા.










## -//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૬૯/૨૦૨૫

**અરજદાર** :- શ્રી સુરેશભાઈ વાઘજીભાઈ ટોટા
રહે. થોરડી, તા.જિ.અમરેલી.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.થોરડી તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના થોરડી ગામમાં સુરેશભાઈ વાઘજીભાઈ ટોટા તેઓના નાના બહેનશ્રી જસુબેન વાઘજીભાઈ ટોટાની મરણ(તા.૦૭/૦૬/૨૦૦૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**



# અમરેલીના નાના માંડવડા ગામે પાંચ સિંહો દ્વારા ગૌવંશનું મારણ

અમરેલી, તા. ૩૦


તસવીર :હસુ રાવલ

અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓની રંજાડ દિન-પ્રતિદિન વધતી જાય છે. અમરેલી તાલુકાના નાના માંડવડા ગામે એક ઘટના બનવા પામી છે. જેમાં, એકસાથે પાંચ સિંહોનુ ટોળુ ગામમાં આવી ચડતા ગૌવંશનું મારણ કર્યુ હોવાનુ સામે આવતા ફફડાટ ફેલાયો છે. અમરેલી તાલુકાના નાના માંડવડા ગામે સોમવારની મધરાતે અચાનક પાંચ સિંહોનુ ટોળુ શિકારની શોધમાં આવી ચડ્યુ હતુ. જેમાં ગામની મેઈન બજારમાં આવેલા ભાભલુભાઈ વાળાના ઘર સામે જ સિંહોએ ગૌવંશ પર હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધુ હતુ. મારણ કર્યા બાદ સિંહોનુ ટોળુ કપાસમાં જતુ રહ્યુ હતુ. આ ઘટનાની જાણ વનવિભાગને કરવામાં આવતા વનવિભાગની ટીમે મારણને દૂર ખસેડવામાં આવ્યુ હતુ.

**એક વર્ષ પહેલા ઢોર ચરાવવા બાબતે માથાકૂટ થઈ હતી**

# ખાંભાના કોટડા ગામને જૂની અદાવતમાં યુવકને છરી અને લોખંડના પાઈપના ઘા ઝીંકી રૂ.૬૨,૧૦૦ની લૂંટ

**જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

ખાંભા, તા. ૩૦

ખાંભાના કોટડા ગામે જૂની અદાવતમાં યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમજ છરી અને લોખંડના પાઈપના ઘા ઝીંકી રૂ.૬૨,૧૦૦ની લૂંટ ચલાવાઈ હતી. બનાવ અંગે ખાંભાના કોટડા ગામે રહેતા પ્રતાપભાઈ ગભરૂભાઈ વાળા (ઉ.વ.૪૬)એ જનકભાઈ કનુભાઈ વાળા, ઉદયભાઈ ભોજભાઈ વાળા, લખધીરભાઈ વીંછીયા તથા પાંચ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે,આશરે એકાદ વર્ષ પહેલાં પ્રતાપભાઈના નાના ભાઈ ભરતભાઈ સાથે આરોપી જનકભાઈને ઢોર ચરાવવા બાબતે માથાકૂટ થઈ હતી, જેની ફરિયાદ ખાંભા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ જ વાતનું મનદુઃખ રાખીને જ્યારે પ્રતાપભાઈ ચલાલાથી ગેસનો બાટલો ભરાવીને મોટરસાયકલ પર કોટડા જઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં જનકભાઈ અને ઉદયભાઈએ તેમનો રસ્તો રોક્યો હતો.મોટરસાયકલ ઊભું રખાવીને બંને આરોપીઓએ પ્રતાપભાઈને ગાળો આપી મારવા દોડ્યા હતા.પ્રતાપભાઈ બચવા માટે રોડની નીચે વાડીમાં ભાગી ગયા હતા, જ્યાં જનકભાઈ અને ઉદયભાઈએ તેમને પકડી નીચે પછાડ્યા હતા. જનકભાઈએ લોખંડના પાઈપ વડે પ્રતાપભાઈના બંને પગમાં આડેધડ ઘા માર્યા હતા. ઉદયભાઈએ તેમના હાથમાં રહેલી છરીનો ઘા પ્રતાપભાઈના જમણા પગની ઘૂંટીના ભાગે માર્યો હતો.બાદમાં, લખધીરભાઈ વીંછીયા તેમના મોટરસાયકલ પર અન્ય બે અજાણ્યા શખ્સોને લઈને ત્યાં આવ્યા હતા. આ ત્રણેય લોકોએ પણ લોખંડના પાઈપ વડે પ્રતાપભાઈના શરીર પર, હાથ-પગના ભાગે આડેધડ માર માર્યો હતો.હુમલા દરમિયાન જનકભાઈએ પ્રતાપભાઈને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

હુમલો કરીને લખધીરભાઈ અને તેની સાથેના બે અજાણ્યા શખ્સો જતા રહ્યા બાદ, મુખ્ય આરોપી જનકભાઈએ પ્રતાપભાઈ પાસેથી રૂ.૬૦,૦૦૦ની કિંમતનો ૬ તોલા સોનાનો ચેન અને ખિસ્સામાંથી રોકડા રૂ.૨,૧૦૦ ની લૂંટ કરી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના પી આઈ જી આર વસૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના કુબડા ગામે સામુ શું કામ જોવે છે કહી ગાળો આપી

ધારી, તા.૩૦

ધારીના કુબડા ગામે સામું શું કામ જોવે છે કહી ગાળો આપી હતી. બનાવ અંગે બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. જયસુખભાઈ રમેશભાઈ વણજારા (ઉ.વ.૩૦)એ મનસુખભાઈ પુંજાભાઇ દાફડા (ઉ.વ.૫૦) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને સામું શું કામ જોવે છે, તેમ કહી ઉશકેરાઈને જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુંનો મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ મનસુખભાઈ પુંજાભાઈ દાફડા (ઉ.વ.૫૦) એ જયસુખભાઈ રમેશભાઈ વણજારા (ઉ.વ.૩૦) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને સામુ શું કામ જોવે છે, તેમ કહી ઉશકેરાઈને જેમ ફાવે તેમ ગાળો આપી બાજુમાં રહેલ એક પથ્થરનો એક ઘા આંખની ઉપરના ભાગે મારી ઈજા કરી હતી. તેમજ ઢીકાપાટુંનો મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# PM મોદીના GST રિફોર્મ નિર્ણયને આવકારવા ચલાલા શહેર ભાજપે વેપારીઓ સાથે સંવાદ કર્યો

ચલાલા,તા.૩૦



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લેવાયેલા GST રિફોર્મના નિર્ણયથી દેશના મધ્યમ અને સામાન્ય વર્ગને મળેલી મોટી ભેટને આવકારવા માટે ચલાલા શહેર ભાજપ દ્વારા એક વિશેષ જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા અને દાન મહારાજની જગ્યાના લઘુ મહંત મહાવીર બાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ચલાલા શહેર ભાજપ દ્વારા GST રિફોર્મનો વ્યાપક પ્રચાર-પ્રસાર થાય તે હેતુથી શહેરની મુખ્ય બજારમાં વેપારી મિત્રોને રૂબરૂ મળીને GST ઘટાડા અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે, પ્રધાનમંત્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા માટે દુકાને દુકાને સ્ટીકરો લગાવીને વેપારીઓ સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ જીતુભાઈ કાથરોટીયા, નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ ભૈલુભાઈ વાળા સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.

# સાવરકુંડલામાં ફોર વ્હીલમાંથી બીયરના ટીન સાથે યુવક ઝડપાયો

સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલામાં ફોર વ્હીલમાંથી બીયરના ટીન પકડાયા હતા,. નેસડી રોડ ગેટ પાસેથી શાકભાજી વેચવાનો ધંધો કરતા વિશાલ ઉર્ફે બાંગો ભરતભાઈ ઉનાવા (ઉ.વ.૨૨) ફોર વ્હીલને પસાર થતો હતો ત્યારે અટકાવી તલાશી લેતા ભારતીય બનાવટના બીયરના ૧૫ ટીન મળી આવ્યા હતા. પોલીસ કાર ,બીયરના ટીન, મોબાઈલ મળી ૪,૬૧,૧૨૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**જિલ્લામાંથી ૧૧ લોકો પાસેથી દેશી દારૂ મળતા પોલીસની કાર્યવાહી**

જિલ્લામાંથી ૧૧ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જ્યાર ૧૬ શખ્સો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# બાબરાના કોટડાપીઠા ખાતે શક્તિપર્વની આસ્થાપૂર્વક ઉજવણી : પ્રાચીન ગરબાની રમઝટ

બાબરા,તા.૩૦



બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે નવરાત્રીના પાવન પર્વની આસ્થા અને ઉલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે. અહીંના જય અંબે ગરબી મંડળ, આંબલી ચોક ગરબી મંડળ, ભગવતી મંદિર ગરબી મંડળ સહિતના અનેક મંડળો દ્વારા માતાજીના નવલા નોરતામાં ભક્તિભાવપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.મુખ્યત્વે રામજી મંદિર ચોક ખાતે આવેલ જય અંબે ગરબી મંડળમાં યુવાનો, બાળકો અને વૃદ્ધો દ્વારા પ્રાચીન ગરબાની રમઝટ બોલાવવામાં આવી રહી છે. અન્ય ગરબી મંડળોમાં પણ બાળાઓ દ્વારા વિવિધ રાસ-ગરબા પ્રસ્તુત કરવામાં આવી રહ્યા છે.આ ઉપરાંત, આ મંડળો દ્વારા પક્ષીઓની ચણ માટે ધાર્મિક નાટકો અને આખ્યાનો પણ રજૂ કરવામાં આવી રહ્યા છે. નવરાત્રી દરમિયાન રજૂ થતા આ રાસ, ધાર્મિક નાટકો અને સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળવા આવતા શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કરી રહ્યા છે.

# શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શારદીય નવરાત્રી અને ગરબા સ્પર્ધાનું આયોજન

અમરેલી,તા.૩૦



શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં દરવર્ષની પરંપરા મુજબ શારદીય નવરાત્રીનું ધામધૂમપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન હેઠળ દરેક દિવસે વિદ્યાર્થીઓ ટ્રેડિશનલ ડ્રેસમાં તૈયાર થઈ માતાજીનાં સંસ્કારી ગરબા રજૂ કરે છે. ખાસ વાત એ છે કે, ધો. ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા નવરાત્રી સમિતિની રચના કરવામાં આવી છે, જે ગરબા પછીની પ્રસાદી અને નાસ્તાની વ્યવસ્થાનું સુંદર આયોજન કરે છે. સંસ્થાનું લક્ષ્ય વિદ્યાર્થીને તેના વતન જેવું જ નવરાત્રીનું વાતાવરણ આપી તેની સુષુપ્ત શક્તિના વિકાસનું છે. તા.૨૭/૦૯/૨૫ના રોજ સંસ્થાના ત્રણેય વિભાગો – પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક – માટે ગરબા સ્પર્ધાનું તંદુરસ્ત આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાએ આ તમામ વિજેતાઓને ઈનામો આપી અભિવાદિત કર્યા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૨૧ | ૧૫૬૪ |
| ઘઉં લોકવન | ૫૨૧ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૫૧૭ | ૫૫૫ |
| જુવાર સફેદ | ૬૧૧ | ૮૨૪ |
| જુવાર લાલ | ૫૦૦ | ૭૦૦ |
| જુવાર પીળી | ૩૦૦ | ૪૧૦ |
| બાજરી | ૩૪૦ | ૩૯૩ |
| તુવેર | ૯૫૦ | ૧૨૫૩ |
| ચણા પીળા | ૯૦૧ | ૧૦૭૪ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૫૪૩ |
| મગ | ૧૩૦૦ | ૧૭૫૦ |
| વાલ દેશી | ૨૫૫ | ૭૮૦ |
| ચોળી | ૭૦૦ | ૯૯૧ |
| વટાણા | ૫૫૦ | ૨૩૯૧ |
| કળથી | ૬૬૫ | ૬૬૫ |
| રાજમા | ૮૦૦ | ૧૫૦૦ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૩૭૫ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૦૯૫ |
| મગફળી જીણી | ૮૯૦ | ૧૩૦૦ |
| તલી | ૧૫૦૦ | ૧૯૭૯ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૬૯ |
| અજમો | ૯૩૦ | ૯૩૦ |
| સોયાબીન | ૭૧૧ | ૮૫૨ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૨૭૦ |
| કાળા તલ | ૩૪૨૦ | ૩૮૫૧ |
| લસણ | ૫૫૪ | ૮૯૧ |
| ધાણા | ૧૨૨૦ | ૧૪૭૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૬૧૦ |
| વરીયાળી | ૧૦૨૧ | ૧૨૨૪ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૪૬૩ |
| રાય | ૧૨૪૦ | ૧૫૯૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૪૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૫૦ |
| રજકાનું બી | ૫૧૦૦ | ૮૫૦૦ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| પપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| બટેટા | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૫૦ | ૨૧૫ |
| ટમેટા | ૧૦૦ | ૫૦૦ |
| સુરણ | ૨૦૦ | ૯૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૧૪૦૦ |
| મુળા | ૧૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૨૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૮૦૦ |
| ટીંડોળા | ૨૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| કારેલા | ૧૦૦ | ૪૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૬૦૦ |
| પરવર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| કંટોળા | ૪૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| બીટ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૧૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૨૦૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૧૬૦૦ |
| મગફળી લીલી | ૨૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૩૦૦ |

| ગોંડલ | | |
|---|---|---|
| કપાસ | ૧૦૮૧ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૦૪ |
| સિંગદાણા જાડા | ૧૦૫૦ | ૧૨૨૧ |
| સિંગ ફાડીયા | ૭૧૧ | ૧૨૧૧ |
| એરંડા / એરંડી | ૯૫૧ | ૧૨૮૬ |
| જીરૂ | ૨૭૫૧ | ૩૫૧૧ |
| ધાણા | ૮૦૧ | ૧૪૯૧ |
| લસણ સુકું | ૪૧૧ | ૮૫૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૨૧૬ |
| અડદ | ૧૦૫૧ | ૧૩૦૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૩૧ |
| રાય | ૧૪૦૧ | ૧૫૧૧ |
| મેથી | ૫૫૧ | ૧૦૩૧ |
| કાંગ | ૨૩૧ | ૪૭૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૨૦૦૦ |
| તલ - તલી | ૧૧૦૧ | ૨૦૩૧ |
| ધાણી | ૮૦૧ | ૧૪૮૬ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૭૫૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૪૧ |
| મગ | ૬૦૧ | ૧૩૭૬ |
| ચણા | ૯૦૦ | ૧૧૧૧ |
| વાલ | ૫૦૧ | ૮૦૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૧૧૩૧ |
| સોયાબીન | ૮૦૧ | ૮૭૬ |
| કળથી | ૭૬૧ | ૭૬૧ |
| ગોગળી | ૬૦૦ | ૧૦૩૧ |
| વટાણા | ૫૭૧ | ૧૦૧૧ |

| ગોંડલ (શાકભાજી) | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૧૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૬૦ | ૩૦૦ |
| દુધી | ૧૬૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૬૦ | ૩૦૦ |
| ભીંડો | ૮૦ | ૬૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૪૦ | ૮૦૦ |
| તુવેર | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૨૦૦ | ૯૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૩૦૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૨૦૦ |
| બટેટા | ૨૨૦ | ૩૪૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૬ |
| તાંજરીયા પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૩ | ૬ |
| મૂળા પુરા | ૨ | ૭ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચૂરણ | ૮૦૦ | ૧૪૦૦ |
| અલાવિન | ૫ | ૧૦ |
| પરવર | ૯૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| ચોરા | ૧૦૦ | ૭૦૦ |
| કારેલા | ૧૦૦ | ૪૦૦ |
| વાલોર | ૧૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૪૦૦ | ૧૦૦૦ |
| ફણશી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| પાલક પુરા | ૧ | ૭ |

| અમરેલી | | |
|---|---|---|
| શિંગ મોટી | ૬૦૦ | ૯૫૧ |
| શિંગ દાણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| શિંગ દાણાફાડા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૯૮ |
| તલ કાળા | ૩૪૦૦ | ૪૦૦૦ |
| તલ કાશ્મીરી | ૨૦૦૦ | ૨૩૮૦ |
| બાજરો | ૩૭૬ | ૩૭૬ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૨ |
| ઘઉં લોકવન | ૫૨૨ | ૫૪૪ |
| મગ | ૧૨૬૫ | ૧૭૬૫ |
| અડદ | ૯૪૫ | ૧૪૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૧ |
| કપાસ | ૮૫૫ | ૧૫૧૮ |
| એરંડા | ૧૨૨૧ | ૧૨૨૮ |
| જીરૂ | ૯૦૦ | ૩૫૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૯૧ |
| કાંગ | ૪૫૦ | ૪૫૦ |

| અમરેલી (શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૧૫૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીઝ | ૧૬૦ | ૨૦૦ |
| શકકરીયા | ૬૫૦ | ૭૫૦ |
| ટમેટાં | ૪૦૦ | ૪૫૦ |
| સુરણ | ૭૫૦ | ૮૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૩૦૦ | ૪૦૦ |
| ગલકા | ૨૫૦ | ૩૦૦ |
| મુળા | ૨૪૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૫૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| વાલ | ૮૦૦ | ૯૦૦ |
| ચોળાલીલાં | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| શીંગ ઓળા | ૬૦૦ | ૭૨૦ |
| આમળા | ૮૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૯૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૯૦૦ | ૧૦૦૦ |
| બીટ | ૪૫૦ | ૫૩૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૬૦ |
| મરચાં લીલા | ૫૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૧૦૦ | ૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૨૦ |
| લસણ લીલુ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| લસણ સુકુ | ૬૦૦ | ૧૨૦૦ |
| ચીભડા | ૪૦૦ | ૫૨૦ |
| લીંબુ | ૩૫૦ | ૫૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |

| ધારી | | |
|---|---|---|
| કપાસ એ | ૧૨૦૦ | ૧૩૨૫ |
| કપાસ કોડી | ૧૦૦૦ | ૧૧૪૦ |
| મગફળી | ૭૩૫ | ૭૩૫ |
| ઘંઉ | ૪૮૦ | ૭૩૫ |
| તલ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૮૧૧ | ૮૧૧ |

| બાબરા | | |
|---|---|---|
| કપાસ્શંકર નવો | ૧૨૫૦ | ૧૫૨૫ |
| મીડીયમ | ૯૮૦ | ૧૨૮૦ |
| મગફળી | ૮૧૫ | ૮૬૫ |
| તલ સફેદ | ૧૫૩૫ | ૧૮૨૫ |
| જીરૂ | ૨૯૪૫ | ૩૩૭૫ |
| ઘંઉ | ૪૬૭ | ૫૨૩ |
| અડદ | ૯૧૫ | ૧૨૭૫ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| શીંગ મોટી | ૬૫૦ | ૯૦૦ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૧૯૦૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૯૦૦ |
| જીરૂ | - | ૩૩૦૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૮૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૯૫ |
| બાજરો | ૩૫૦ | ૪૬૦ |
| મગ | - | ૧૩૦૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૧૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૦ |
| તુવેર | ૯૫૦ | ૧૦૬૦ |
| મેથી | - | ૭૫૧ |

| બગસરા | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૩૧૫ | ૩૨૫ |
| બાજરો | ૭૦૦ | ૧૦૫૫ |
| ચણા | ૮૬૦ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૯૯૫ | ૧૦૦૫ |
| મગ | ૧૦૯૯ | ૧૪૧૫ |
| અડદ | ૯૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૮૧ | ૪૯૧ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| જીરુ | ૩૦૦૧ | ૩૦૦૫ |
| લસણ | ૨૨૫ | ૪૦૫ |
| ડુગળી | ૬૦ | ૭૦ |
| ચોળી | ૩૪૫ | ૩૫૫ |
| શીંગભાડા | ૮૫૫ | ૯૯૯ |
| મગફળી | ૫૦૫ | ૮૧૧ |

| રાજુલા | | |
|---|---|---|
| શીંગ | ૮૫૦ | ૮૫૦ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૭૯૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| કપાસ | ૫૦૦ | ૧૩૦૧ |
| બાજરો | ૩૭૭ | ૪૦૧ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૬૫ |
| જુવાર | ૫૩૫ | ૭૨૫ |
| મગ | ૧૩૩૨ | ૧૩૩૨ |
| સોયબીન | ૭૭૧ | ૭૭૧ |

| ભેંસાણ | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૦૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૩૧ |
| ચણા | ૭૦૧ | ૧૦૫૧ |
| અડદ | ૭૫૧ | ૧૨૯૬ |
| તુવેર | ૭૦૦ | ૧૧૯૧ |
| મગફળી | ૬૦૧ | ૯૪૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૮૯૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૨૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૬ |

| જામનગર | | |
|---|---|---|
| જુવાર | ૫૦૦ | ૭૬૦ |
| બાજરો | ૩૮૦ | ૬૧૦ |
| ઘઉં | ૪૮૭ | ૫૩૦ |
| મગ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૯૦૦૦ | ૧૦૩૫ |
| ચોળી | ૭૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૧૯૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૧૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| તલ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| લસણ | ૩૦૦ | ૮૪૫ |
| કપાસ | ૮૫૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૫૧૫ |
| અજમો | ૯૭૦ | ૨૩૮૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૪૨૦ |
| ડુગળી | ૭૦ | ૧૯૫ |

સંજોગ ન્યૂઝ
# ઉત્સવ
બુધવાર, 01 ઓક્ટોબર, 2025
05



લાગે તો તીર : -બકા બકા, હવે પાણીપુરી પુરાણ બંધ કરીને કહીશ કે, વાત શું છે?
06

# ભારતમાં સ્વદેશી શક્ય છે ?



ભારતમાં ફરી સ્વદેશીની ચર્ચા છે. અમેરિકા દ્વારા ભારતની આયાત પર ધડાધડ ટેરિફ લદાઈ રહ્યા છે તેના પગલે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનાં લોકોને આત્મનિર્ભર બનવા હાકલ કરી છે. મોદીએ કહ્યું છે કે, ભારત માટે સૌથી મોટો દુશ્મન બીજા દેશો પરની નિર્ભરતા છે તેથી આ નિર્ભરતાને ભારતે ઘટાડવી જોઈએ અને સ્વદેશીને અપનાવવી જોઈએ. મોદીએ વિદેશી કંપનીઓના માલને બદલે સ્વદેશી માલનો વધારેમાં વધારે ઉપયોગ કરવા સલાહ આપી તેના પગલે ભાજપે તો સ્વદેશી અભિયાન પણ છેડી દીધું છે.

દીનદયાલ ઉપાધ્યાનના જન્મદિને ૨૫ સપ્ટેમ્બરથી શરૂ થયેલું સ્વદેશી અભિયાન અટલ બિહારી વાજપેયીના જન્મદિન એટલે કે ૨૫ ડિસેમ્બર સુધી ચાલશે. આ દરમિયાન ભાજપના કાર્યકરો ઘરે ઘરે ફરીને લોકોને સ્વદેશી અપનાવવા સમજાવશે, દુકાનદારોને સ્વદેશી માલ જ વેચવા માટે પણ વિનંતી કરશે.

સ્વદેશી અભિયાન દેશના હિતમાં છે તેમાં બેમત નથી પણ સવાલ એ છે કે, ભારતમાં સંપૂર્ણપણે સ્વદેશીનો અમલ શક્ય છે ખરો ? બિલકુલ નથી. સંપૂર્ણ સ્વદેશીની વાત છોડો પણ ભારત પોતાની જરૂરીયાતના ૫૦ ટકા પણ સ્વદેશી ઉત્પાદનોમાંથી પૂરી કરી શકે કે કેમ તેમાં શંકા છે. તેનું કારણ એ કે, ભારતમાં અનાજ, દૂધ અને તેમની બનાવટોને બાદ કરતાં બાકીની તમામ પ્રોડક્ટ્સ વિદેશી કંપનીઓની જ વેચાય છે.

પહેલાં શ્વેત ક્રાંતિ અને પછી હરિત ક્રાંતિના કારણે ભારતીયો અનાજ અને દૂધ માટે આત્મનિર્ભર થઈ ગયા પણ બાકીની પ્રોડક્સ માટે હજુય વિદેશી કંપનીઓ પર જ નિર્ભર છે. આપણે નાનામાં નાની પ્રોડક્ટ પણ વિદેશ કંપનીઓની જ ખરીદવી પડે એવી હાલત હોવાથી આપણે હજુય વિદેશી કંપનીઓના ગુલામ જ છીએ. ટૂથપેસ્ટ હોય કે ટીવી હોય, એર કન્ડિશનર હોય કે એરોપ્લેન હોય, મોબાઈલ ફોન હોય કે મોટર કાર હોય, આપણી લગભગ તમામ જરૂરીયાતો વિદેશી કંપનીઓ જ પૂરી કરે છે.

આ સંજોગોમાં ભારત માટે સંપૂર્ણ સ્વદેશી શક્ય નથી.

■■■

ભારતમાં વિદેશી કંપનીઓનો પ્રભાવ અકલ્પનીય છે.

ભારતમાં સૌથી મોટો ભરડો અમેરિકન અને જાપાનની કંપનીઓનો છે. ઓનલાઈન સર્ચ એન્જિન ગુગલથી માંડીને કોકાકોલા અને પેપ્સી જેવી સોફ્ટ ડ્રિંક્સ બ્રાન્ડસની ભારતમાં મોનોપોલી છે. મોબાઈલ ફોનમાં પણ ભારતમાં એપલ અને સેમસંગ બે કંપનીઓની બોલબાલા છે. આ પૈકી એપલ અમેરિકન કંપની છે. આ સિવાય એમેઝોન, સિટીબેંક, ફોર્ડ ઈન્ડિયા, અમેરિકન એક્સપ્રેસ, હેવલેટ પેકાર્ડ, આઈબીએમ, જેપી મોર્ગન ચેઝ, એડોબ સિસ્ટમ્સ ઈન્કોર્પોરેટેડ, માઈક્રોસોફ્ટ કોર્પોરેશન, કોગ્નિઝન્ટ, ઓરેકલ વગેરે કંપનીઓ ભારતમાં ધૂમ કમાણી કરે છે અને આટલાં વરસોમાં ભારત તેનો વિકલ્પ ઉભું કરી શક્યું નથી.

ભારતના ઓટોમોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ સેક્ટર પર જાપાન અને દક્ષિણ કોરિયાની કંપનીઓની પકડ છે. કોઈને માન્યામાં નહીં આવે પણ ભારતમાં કુલ ૧,૩૦૫ જાપાની કંપનીઓ નોંધાયેલી છે અને પોતાનો માલ વેચે છે. જાપાનની સુઝુકી, હોન્ડા, સોની, પેનાસોનિક વગેરે બ્રાન્ડ્સ ભારતમાં છવાયેલી છે. આ બ્રાન્ડ્સ મુખ્યત્વે ઈલેક્ટ્રોનિક્સ અને ઓટો સેક્ટરમાં છે પણ એ સિવાય બીજાં ક્ષેત્રોમાં પણ જાપાની કંપનીઓની બોલબાલા છે જ. હિટાચી, મિત્સુબિશી, તોશિબા, કેનન, ટોયોટા, યામાહા વગેરે જાપાની કંપનીઓ અલગ અલગ ક્ષેત્રોમાં બહુ મોટો માર્કેટ શેર ધરાવે છે. કોરિયાની સેમસંગ, એલજી, હ્યુન્ડાઈ વગેરે કંપનીઓ પણ ભારતમાં મોટો માર્કેટ શેર ધરાવે છે. હવે કિયા સહિતની ઓટો કંપનીઓ પણ ભારતમાં કાઠું કાઢી રહી છે. ઓટોમોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સમાં ભારતીય કંપનીઓની હાજરી છે પણ ટાટા જેવી ગણીગાંઠી કંપનીઓને બાદ કરતાં બીજી કોઈ કંપનીનો કોઈ પ્રભાવ જ નથી.

■■■



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

ટેકનોલોજીમાં ભારત વિદેશ પર જ અવલંબિત છે.

જર્મની ટેકનોલોજી જાયન્ટ છે તેથી સામાન્ય લોકો માટેની પ્રોડક્ટ્સ બહુ બજારમાં નથી દેખાતી પણ ભારતમાં મોટી કંપનીઓ જર્મની પર વરસોથી નિર્ભર છે. ક્રુપ એજી અને ડેમેગ કંપનીએ ૧૯૫૦ના દાયકામાં રાઉરકેલા સ્ટીલ પ્લાન્ટની સ્થાપના કરી હતી, બોશે ૧૯૫૩ માં સ્પાર્ક પ્લગ બનાવવા માટે તેનું પહેલું યુનિટ સ્થાપ્યું હતું ને એ પછી તો સિમેન્સ, બેયર, ડેમલર-બેન્ઝ સહિતની કંપનીઓની લાઈન જ લાગી ગઈ.

અત્યારે બીએમડબલ્યુ, ફોક્સવેગન, એસએપી, સિમેન્સ એજી અને મર્ક જેવી મોટી કંપનીઓ ભારતમાં પ્લાન્ટ નાખીને બેઠી છે અને પોતાની પ્રોડક્ટ્સ વેચે પણ છે. જર્મનીનો પ્રભાવ એ હદે છે કે, ભારતમાં ૧,૬૦૦ થી વધુ જર્મન કંપનીઓ કામ કરે છે અને ૬૦૦ થી વધુ ભારત-જર્મન સંયુક્ત સાહસો કાર્યરત છે.

મોદી સરકારે મોટા ઉપાડે સ્માર્ટ સિટીઝ અને એરપોર્ટનાં કામ હાથ ધર્યાં છે. આ પ્રોજેક્ટ્સમાં મોટા પાયે જર્મન કંપનીઓ મદદ કરી રહી છે. આ સિવાય પ્રિન્ટિંગ સહિતનાં કોઈ પણ ઉત્પાદન સેક્ટરમાં મોટા ભાગે જર્મન મશીનરી જ વપરાય છે તેથી ભારતનું મેન્યુફેક્ચરિંગ સેક્ટર તો સંપૂર્ણપણે જર્મની પર જ નિર્ભર છે.

ફ્રાન્સ પણ ભારતમાં મોટો ધંધો કરે છે. ભારતમાં ડિફેન્સના સાધનો રશિયા, અમેરિકા અને ફ્રાન્સ પાસેથી આવે છે પણ ફ્રાન્સ વધારે મદદ કરે છે. મોદી સરકાર સંરક્ષણ ક્ષેત્રે મેક-ઈન-ઈન્ડિયા પહેલને કારણે ભારત આત્મનિર્ભર બની રહ્યું હોવાની વાતો કરે છે પણ વાસ્તવમાં આ આત્મનિર્ભરતા ફ્રાન્સની મદદને આભારી છે.

રફાલ ફાઈટર જેટથી માંડીને સ્કોર્પિન સબમરીન સુધીના ઉત્પાદનો આપણે સીધા ફ્રાન્સ પાસેથી ખરીદીએ છીએ પણ બીજા ઘણા સાધનો ફ્રાન્સની મદદથી બને છે. આ તો ભારતમાંથી તોતિંગ બિઝનેસ કરતા દેશોની વાત કરી પણ બીજા દેશોની કંપનીઓ પણ ભારતમાં ભરપૂર બિઝનેસ કરે છે. યુએઈ જેવા નાના દેશોની કંપનીઓનો પણ ભારતમાં પગપેસારો છે.

ચીનની કંપનીઓ ભારતમાં સીધો ધંધો કરતી નથી પણ મોદી જે સ્વદેશીની વાત કરે છે તેના માટે ભારત ચીન પર નિર્ભર છે. ભારતમાં નાના અને મધ્યમ ઉદ્યોગો ચીનના કાચા માલ પર નિર્ભર છે તેથી આ કંપનીઓ આપણને સ્વદેશીના નામે જે માલ આપે છે એ પણ સંપૂર્ણપણે સ્વદેશી તો નથી જ.

■■■

મોદીએ પહેલાં પણ સ્વદેશીની આહલેક જગાવેલી.

નરેન્દ્ર મોદીએ ૧૨ મે - ૨૦૨૦ના રોજ રાષ્ટ્રને કરેલા સંબોધનમાં ૨૦ લાખ કરોડનું જંગી આર્થિક પેકેજ 'આત્મનિર્ભર ભારત અભિયાન' હેઠળ જાહેર કર્યું હતું. એ વખતે પણ મોદીએ એ વાત પર ભાર મૂકેલો કે, આર્થિક મોરચે આપણે હવે આત્મનિર્ભર બનવું પડશે. મોદીએ એ વખતે સ્પષ્ટ રીતે 'સ્વદેશી' શબ્દ નહોતો વાપર્યો પણ તેમની અપીલ લોકોને સ્વદેશી તરફ વાળવા માટેની જ હતી.

મોદીનો ઉદ્દેશ સારો હતો અને સાચી દિશાનો હતો પણ તેનાં ધાર્યાં પરિણામ મળ્યાં નથી એ પણ વાસ્તવિકતા છે. તેનું કારણ એ છે કે, ભારતમાં વરસોથી જામી ગયેલી વિદેશી કંપનીઓને ટક્કર આપીને નમાવી શકે એવી કંપની જ નથી. ભારતની આ નબળાઈનું શ્રેષ્ઠ ઉદાહરણ એફએમસીજી માર્કેટ પર વિદેશી કંપનીઓનો કબજો છે.

ભારતમાં જ નહીં પણ દુનિયાના કોઈ પણ દેશમાં સૌથી મોટું બજાર ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્ઝ (એફએમસીજી)નું હોય છે. રોજેરોજ અથવા ચોક્કસ સમયાંતરે જે ચીજોની જરૂર પડે, અને જે ચીજ એક વાર વપરાય પછી ઉપયોગમાં લેવા જેવી ના રહે એ ચીજો એફએમસીજી કેટેગરીમાં આવે. ટૂથપેસ્ટ, સાબુ, શેમ્પુ, કોલ્ડ્રિંક્સ વગેરે ઢગલાબંધ ચીજો એફએમસીજી કહેવાય છે.

ભારતમાં ૧૫૦ કરોડની વસતી હોવાથી દુનિયામાં કોઈ દેશ પાસે નથી એટલું તોતિંગ એફએમસીજી બજાર ભારત પાસે છે. આ બધી ચીજો થોકબંધ પ્રમાણમાં વપરાય છે ને તેમનો ધંધો ધમધોકાર ચાલે છે.

આ ચીજો બનાવવા માટે બહુ મોટા જ્ઞાન કે ટેકનોલોજીની જરૂર નથી. એફએમસીજી પ્રોડક્ટ્સના ઉત્પાદન માટે કાર કે કોમ્પ્યુટરની જેમ અબજો રૂપિયા સંશોધન પાછળ ખર્ચવા નથી પડતા છતાં પ્રોક્ટર એન્ડ ગેમ્બલ, કોલગેટ, હિંદુસ્તાન લીવર સહિતની મૂળ વિદેશી કંપનીઓ એફએમસીજી માર્કેટમાં રાજ કરે છે. ભારતની પોતાની કહેવાય એવી કોઈ મોટી કંપની એફએમસીજી માર્કેટમાં નથી.

ભારતે આ સ્થિતી બદલવી પડે.

મોદી સરકારે સ્વદેશી અપનાવવી હોય તો દરેક ક્ષેત્રમાં વિદેશી કંપનીઓને ટક્કર આપે એવી મજબૂત ભારતીય કંપનીઓ ઉભી કરવી પડે. મોદીએ એ માટે જ જંગી પેકેજ જાહેર કરેલું પણ એ રૂપિયા ચવાઈ ગયા એ જોતાં સ્વદેશીનો પ્રભાવ વધારવા સૌથી પહેલાં આ ભ્રષ્ટાચાર રોકવો પડે. ■ sanjogpurti@gmail.com

# થાથાથૈયા - ઠાગાઠૈયા - લાલાલૈયા




ક્યાંક બહાર જવાનું હોય અને મારા મા તૈયાર થતા હોય કે થેલીમાં વસ્તુઓ ગોઠવતા હોય કે ઘરની વસ્તુઓ સરખી મૂકતા હોય, એવું બધું કરતાં હોય ત્યારે મારા આઈ કહેતા- 'હાલો હવે, થાથાંથૈયા કરો મા, ઝટ નીકળો...'

હું માનું છું કે આમાં થાંથાથૈયાની જગ્યાએ 'તાતાથૈયા' આસાનીથી રિપ્લેસ કરી શકાય.

અમે પણ નાના હતા ત્યારે કોઈની લખોટી કે કોઈ રમકડું કોઈ છોકરા પાસેથી લઈ લીધું હોય અને તે પાછું આપવામાં ડાંડાઈ કરવી હોય તો 'નથી આપવું' એમ કહેવાને બદલે અમે નાચતાં નાચતાં કહેતાં: 'તાક્ થૈયા થૈયા, તાક થૈ... તાક્ થૈયા થૈયા, તાક થૈ...'

આ સંગીતિક જવાબમાં પણ ક્યાંક 'થાથાથૈયા' જ છુપાયેલું હોવાનો ભાવ મને સમજાય છે.

ઠાગાઠૈયા પણ થાથાથૈયાનો સમાનાર્થી જ છે. (જાણીતું કાવ્ય ઉદાહરણ: ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાવ કાબર બા આવું છું.) પણ બંને વચ્ચે થોડો અર્થભેદ છે. ઠાગાઠૈયામાં રમુજમાં અથવા તો બનાવટના ઈરાદે વિલંબ કરવામાં આવે છે. જ્યારે થાથાથૈયામાં રમુજ કે બનાવટના ઈરાદા ઉપરાંત અણઆવડત કે ભોળપણના કારણે પણ વિલંબ હોઈ શકે. ઠાગાઠૈયા કરનાર વ્યક્તિ સ્માર્ટ હોય જ્યારે થાથાથૈયા કરનાર વ્યક્તિ સ્માર્ટ હોય પણ ખરો અને ન પણ હોય. તેથી દરેક ઠાગાઠૈયાને થાથાથૈયા કહી શકાય પરંતુ દરેક થાથાથૈયાને ઠાગાઠૈયા કહી શકાય નહીં. ( આ ચર્ચા બહુ જ સમૃદ્ધ બની છે તેથી મને શબ્દકોશ વીંખોળવાનું મન થયું. 'ભગવદ્‌ગોમંડળ'માં થાથાથૈયા શબ્દનો સમાવેશ કરાયો છે. ઘણા લોકો થા ઉપર અનુસ્વાર કરીને 'થાંથાથૈયા' લખે કે બોલે છે પણ 'ભગવદ્‌ગોમંડળ' અનુસાર તેની જોડણી 'થાથાથૈયા' છે.

હમણા ડો. તરલિકા ત્રિવેદીએ તેમની ફેસબુક વોલ ઉપર થાંથા શબ્દ વિશે ઘણું સારું સમજાવ્યું. થાંથા એટલે- ધીમે કામ કરવાવાળા, સુસ્ત, મંદ ગતિ! ઠંડા, જડ અને પાછળ રહી જાય એવા. **Quick Sense** વાળા નહિ! પોતાની મેળે ઝટ સમજી કે ચાલી કામ કરી શકે તેવું તેજ કે ચકોર નહિ એવું; બોથડ; આળસુ. અને આળસુ હોવાને લીધે મેલું; ગંદું; ગોબરૂં; ટાપટીપ કે સફાઈ વગરનું. સહેજ કામ કરતાં વાર લગાડયા કરે એવું; ચાપાચીપ કરનારૂં. કામકાજમાં થોથવાયા કરતું, મંદતા કે શિથિલતાના આંચકા આવવાની સ્થિતિનું વગેરે વગેરે... હું રાજીનો રેડ એટલા માટે થઈ ગયો કે આવા વિલૂપ્ત થઈ ગયેલા શબ્દો પણ હજી કોઈને યાદ છે અને તે ભાવપૂર્વક તેના વિશે લખે પણ છે.

પણ એમાં એક શબ્દનો ઉમેરો હું કરું છું. એ છે થાંથાથૈયા. થાંથા ઉપરથી આ સાધિત શબ્દ છે. આ શબ્દ મારા મધર બહુ જ સહજતાથી વાપરતા. મારા મધરે મને બાજરી વાઢવાનું અથવા લસણ ફોલવાનું કે શાક સમારવાનું કે એવું કોઈપણ કામ સોંપ્યું હોય અને હું તેમાં ધારેલા સમય કરતા વધારે વાર લગાડું તો તેઓ મને કહેતાં: 'થાથા કર માં, જટ કર...'

પણ એમને જો એવો ખ્યાલ આવી જાય કે જે કામ એમણે મને સોંપ્યું છે એ કામ હું હાથે કરીને મોડું કરી રહ્યો છું અને કામ કરવામાં મારી ખોટી દાનત છે, અથવા કામમાં મારો જીવ નથી અને મોડું થઈ રહ્યું છે, તો એ કહેતા: ' નાણિયા, આટલા લાકડા કાપવામાં કંઈ આટલી બધી વાર ન લાગે. હાલ્ય, ફટાફટ કુહાડી માર. થાંથાથૈયાં કરવાનું બંધ કર... આટલા બળતણ કાપીને કોળી કરી દે, પછી તું છુટ્ટો...'

મને લાગે છે કે થાંથાથૈયા શબ્દ 'તાતાથૈયા' ઉપરથી આવ્યો છે. સંગીતની આ સ્લો રીધમ છે. કોઈ માણસ કોઈ કામ કરી આપવામાં ટગાવતો હોય અથવા તો લબડાવતો હોય તો લોકો કહે છે: 'ઈ થાથાથૈયા કરે છે, આ કામ બીજાને આપી દો.'

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા


આ ચોક્કસ સ્પેલિંગની મને પણ ખબર ન હતી પરંતુ ડો. તરલિકા ત્રિવેદીએ છેડેલી ચર્ચાને કારણે ભગવદ્‌ગોમંડળ વીંખોળવાથી મારા જ્ઞાનમાં સુધારો થયો. આ વાંચવાથી તમારા જ્ઞાનને પણ સુધારાનો એક ડોઝ ન મળ્યો હોય તો કે'જો; એક બીજો ડોઝ તૈયાર કરી આપીશ.

( આ હેડિંગમાં લાલાલૈયા લખ્યું છે એ શું છે એ તો કોઈએ પૂછ્યું જ નહીં ! ના ભૈ ના, એ કંઈ નથી. ખાલી પ્રાસ મેળવવા માટે લખ્યું છે. એ કંઈ હોય તો તપાસ કરશું. ભગવદ્‌ગોમંડળમાં આપણે જોઈએ ત્યારે આપણે જે કંઈ નથી એમ માનતા હોઈએ એ પણ કંઈક હોય છે!) ■

naranbaraiya277@gmail.com

# સત્યનો વિજય એટલે વિજયાદશમી..

વિશ્વનો સૌથી મોટો ગ્રંથ મહાભારત છે. એવો જ બીજો મહત્વનો ગ્રંથ રામાયણ છે. મહર્ષિ વાલ્મિકી રચિત રામાયણમાં ૨૪ હજાર શ્લોકો છે. અયોધ્યાના રાજા દશરથ પુત્ર ભગવાન રામચંદ્રના આદર્શો અને આધ્યાત્મિકતાનો વારસો એટલે રામાયણ. અસત્ય ઉપર સત્યનો વિજય એટલે રામાયણ. સંસારની બધી જ સંજીવની શીખવાની અને તે પ્રમાણે જીવન જીવવાની કલા રામાયણમાંથી શીખવા મળે છે. પિતાનો પુત્ર પરત્વેનો પ્રેમ, પિતાની આજ્ઞાનું મહત્વ, ધર્મની રક્ષા, વચનપાલન, ત્યાગનું મહત્વ, ભાઈભાડું વચ્ચે પારિવારિક ભાવના, રઘુકુળની વિચારધારા, વચન પ્રતિબદ્ધતા, નારી શક્તિનું મહત્વ, વાસ્તવિક સમાજ દર્શન એટલે રામાયણ. ભગવાન રામચંદ્રનો ૧૪ વર્ષ વનવાસ અને લંકાના રાજા રાવણનો પરાજય સમાજને એ મેસેજ આપે છે કે સત્ય સનાતન છે. આપણને મહામૂલુ જીવન પ્રાપ્ત થયું છે ત્યારે સત્ય, આધ્યાત્મિકતા અને સંસ્કારિકતાના માર્ગે કેડી કંડારી જીવન જીવવું જોઈએ. ભગવાન રામચંદ્રને પણ અનેક તકલીફો વચ્ચે જીવન વ્યતિત કરવું પડ્યું હતું. મર્યાદા પુરુષોત્તમ સમાજનું આદર્શ વ્યક્તિત્વ છે. સત્યમેવ જયતે ભારતની સંસ્કૃતિના જયઘોષ છે. ત્રેતાયુગમાં શ્રીરામચંદ્રજીએ રાવણ પર વિજય મેળવ્યો તે દિવસ હતો આસો સુદ દશમી. શ્રીરામચંદ્રજીનો આ ભવ્ય વિજય વિજયાદશમી તરીકે દર વર્ષે ઊજવાય છે. માનવીમાં રહેલાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર, આળસ, દંભ અને કુદ્રષ્ટિ જેવાં દસ આસુરી તત્વો પર વિજય મેળવવાની પ્રેરણા આ પર્વ આપણને આપે છે. આ પ્રેરણાપર્વ નિરાશાઓની વચ્ચે એક નવી જ આશાઓનો સંચાર કરે છે. અન્યાય અને અત્યાચારનું સામ્રાજ્ય ભલે ગમે તેટલું પ્રસ્થાપિત થયું હોય, છતાં પણ ન્યાય અને સદાચારનાં સાત્વિક શસ્ત્રો દ્વારા પરાજિત થવાનું જ છે. અષાઢની મેઘગર્જનાની જેમ અટ્ટહાસ્ય કરતો રાવણ યુદ્ધભૂમિ પર નિર્ભય બની ઊભો હતો. શ્રીરામચંદ્રજીના પ્રત્યેક બાણ અફળ જતા હતા ત્યારે વિભીષણે નજીક આવીને શાંતચિત્તે કહ્યું, 'હે રઘુવીર! રાવણના નાભિકુંડમાં અમૃતકૂંપી છે. જેના પ્રતાપે તેના શિર કપાય છે છતાં સજીવન થાય છે. જ્યાં સુધી અમૃતકૂંપી ફૂટી નહીં જાય ત્યાં સુધી રાવણ અમર રહેશે. વિભીષણની વિસ્મયભરી વાત સાંભળી શ્રીરામચંદ્રજીએ રાવણના નાભિકુંડ પર દ્રષ્ટિ કરી. અટ્ટહાસ્ય કરતો રાવણ રામચંદ્રજીને લલકારી રહ્યો હતો ત્યારે શ્રીરામચંદ્રજીએ ઈષ્ટદેવનું સ્મરણ કરી, વેદોકતવિધિ મુજબ મંત્ર ભણીને મહર્ષિ અગસ્ત્યે આપેલા બ્રહ્માસ્ત્રને ધનુષ્ય પર ચઢાવ્યું. સ્વસ્થચિત્તે શ્રીરામચંદ્રજીએ રાવણના નાભિકુંડનું લક્ષ્ય સાધી બ્રહ્માસ્ત્રને છોડ્યું. ધનુષ્યમાંથી છુટેલા બ્રહ્માસ્ત્રે રાવણના નાભિકુંડને છેદી નાખ્યું. નાભિકુંડ છેદાતા અમૃતકૂંપી ફૂટી ગઈ અને તરત જ મહાકાંતિવાળો મહાન શિવભક્ત રાવણ પૃથ્વી પર ઢળી પડ્યો. અંતે સાત દિવસ અને સાત રાત્રિ સુધી અખંડિત ચાલતું રામ-રાવણનું યુદ્ધ પૂરું થયું. ત્રેતાયુગમાં શ્રીરામચંદ્રજીએ રાવણ પર વિજય મેળવ્યો તે દિવસ હતો આસો સુદ દશમીનો દિવસ. શ્રીરામચંદ્રજીનો આ ભવ્ય વિજય ભારતવર્ષમાં વિજયાદશમી તરીકે દર વર્ષે ઊજવાય છે. આ દિવસે દેવતાઓ અને મનુષ્ય પર લાંબા સમયથી રાવણ દ્વારા થતો અત્યાચાર શ્રીરામચંદ્રજી દ્વારા સદાચારમાં પરિણમ્યો. અસત્ય પર સત્યનો અને એક દૈવીશક્તિનો આસુરી શક્તિ પર ભવ્ય વિજય થયો. બીજા એક અર્થ મુજબ જોઈએ તો વિજયાદશમી સદ્‌પ્રેરણાનું મહાપ્રેરક પર્વ છે. માનવીની અંદર રહેલાં દસ પ્રકારનાં આસુરી તત્વો જેવાં કે: કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર, આળસ, દંભ અને કુદ્રષ્ટિ. આ દસ આસુરી તત્વો પર વિજય મેળવવાની એક પ્રેરણા આ પ્રેરક પર્વ આપણને આપે છે. આપણા મનની અંદર રહેલાં આ દસ આસુરી તત્વોનો જો આપણે જ નાશ કરીએ તો જીવનમાં ખરા અર્થમાં વિજયાદશમી ઊજવાય. વિજયાદશમીનું આ પ્રેરણાપર્વ માનવમનમાં છવાયેલી નિરાશાઓની વચ્ચે એક નવી જ આશાઓનો સંચાર કરે છે. અન્યાય અને અત્યાચારનું સામ્રાજ્ય ભલે ગમે તેટલું પ્રસ્થાપિત થયું હોય, છતાં પણ એક દિવસ આ દુષ્ટ સામ્રાજ્ય ન્યાય અને સદાચારનાં સાત્વિક શસ્ત્રો દ્વારા પરાજિત થવાનું જ છે. વિજય હંમેશાં સત્યનો જ થાય છે. જીવનમાં ગમે તેટલી મુશ્કેલી આવે તો પણ ધીરજ ન ગુમાવવી જોઈએ અને અડીખમ ઊભા રહેવું જોઈએ. અડગ મનના માનવીઓ જ વિજયપતાકા ફરકાવી શકે છે. વિજયાદશમી પર્વ અન્યાયના અંતનું પણ પ્રતીક છે. નવરાત્રિના નવ દિવસ દરમિયાન આજે પણ આપણા દેશમાં ઠેર ઠેર રામલીલા ભજવવામાં આવે છે. શ્રીરામચંદ્રજીનું ઉજ્જવળ ચરિત્ર સદાચાર, આદર્શતા અને એક સામાજિક મર્યાદાને જીવનમાં ઉતારવાનું શીખવે છે. સિક્કાની બીજી બાજુ જોઈએ તો રાવણ ભલે મહાન શિવભક્ત હતો, શક્તિશાળી હતો, છતાં પણ તેનામાં આસુરી તત્વો ઓતપ્રોત થયેલાં હતાં. પુલત્સ્ય ઋષિના શ્રેષ્ઠ બ્રાહ્મણકુળમાં જન્મ્યો હતો. જન્મે બ્રાહ્મણ હોવા છતાં રાવણ આસુરી કર્મથી અસુર બની ગયો હતો. નવરાત્રિના નવ દિવસ ભજવાતી રામલીલાના અંતે વિજયાદશમીના દિવસે રાવણનું પૂતળું બાળી રાવણ વિજયના પ્રસંગને આનંદભેર ઊજવવામાં આવે છે. આસુરીવૃત્તિ સામે લડવાની પ્રેરણા આપણને રામચંદ્રજીના જીવનમાંથી મળે છે, એટલે જ રામલીલા આટલાં વર્ષો પછીય ભજવાય છે અને રસપૂર્વક જોવાય છે. જ્યાં સુધી સૃષ્ટિ રહેશે ત્યાં સુધી શ્રીરામચંદ્રજીની યશગાથા ગવાતી રહેશે. આપણી ભારતીય સંસ્કૃતિ શૌર્યશક્તિની ઉપાસક છે. વિજયાદશમી વીરતાનો પણ દિવસ છે. શૌર્યપુરુષોથી જ સમાજમાં વીરતા પ્રગટે છે અને વીરતાથી જ સમાજ ભયમુક્ત થાય છે. વીરપુરુષ સર્વત્ર પૂજાય છે. આવી વીરતા આજે આપણા સમાજમાં પ્રગટે તેની આજના સમયમાં તાતી જરૂરત છે. આથી જ પહેલાંના જમાનામાં રાજા-રજવાડામાં રાજ્યના શસ્ત્રાગારમાં રાખવામાં આવેલાં શસ્ત્રોની શાસ્ત્રોકત વિધિ પ્રમાણે પૂજા કરવામાં આવતી હતી. આપણી સંસ્કૃતિમાં વાહનને પણ શક્તિના સ્વરૂપે જોવામાં આવે છે, તેથી વિજયાદશમીએ લોકો પોતાનાં વાહનોની પૂજા કરતા હોય છે. કારીગર વર્ગ પોતાની રોજીરોટી માટેનાં હથિયારોની (સાધનો) પૂજા કરતા હોય છે. કારખાનામાલિકો પોતાનાં યંત્રોની પૂજા કરતા હોય છે. આપણો આખો સમાજ કોઈ ને કોઈ રીતે શક્તિની ઉપાસના કરતો હોય છે. રાવણમાં રહેલાં આસુરી તત્વો આજે સમાજમાં ઠેર ઠેર જોવા મળે છે. બસ, આ આસુરી તત્વોનો નાશ થાય તો જ આ પર્વની ઉજવણી સાર્થક થઈ ગણાય, નહીં કે લાખો રૂપિયાનાં ફાફડા-જલેબી ઝાપટી જવાથી વિજયાદશમીની ઉજવણી સાર્થક થઈ ગણાય. પ્રવર્તમાન સમયમાં આખી દુનિયા આતંકવાદના ભરડામાં લપેટાયેલી છે.



સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

ત્રેતાયુગમાં જે રાવણે કર્યું તે બધું જ રાવણવધની સાથે સમાપ્ત થયું નથી. આજે રાવણ ભલે હયાત નથી પરંતુ રાવણની વિચારધારા હયાત છે. માટે જ આતંકવાદ આજે માથું ઊંચકીને ચારેબાજુ નિર્ભય બની ઘૂમી રહ્યો છે. આતંકવાદીઓના મનમાં આજેય રાવણ જ રમી રહ્યો છે. ભ્રષ્ટાચારથી ભરેલા સમાજમાં સદાચારનું ક્યાંય ઠેકાણું દેખાતું નથી. બધા જ ભ્રષ્ટાચારીઓના મનમાં રાવણ રમી રહ્યો છે, પણ કોઈના હૃદયમાં રામ નથી. સૌના હૃદયમાં રામ પ્રગટે અને શૌર્ય પ્રગટ થાય તો જ સમાજ આસુરીવૃત્તિથી મુક્ત થાય. સમાજમાં સજ્જનો નથી એવુંય નથી. સજ્જનો છે ખરાં પણ વેરવિખેર થયેલા છે અને મહદંશે નિષ્ક્રિય છે. જ્યારે દુર્જનો એક થઈ સમૂહમાં વસી રહ્યા છે, માટે તેમનું જોર વધી ગયું છે. માણસ પોતાની નૈતિક ફરજો સાવ ભૂલી ગયો છે. માટે સમાજમાં રાવણ જેવી આસુરીવૃત્તિ કે જેને આજના સંદર્ભમાં આતંકવાદ કહેવાય છે તેનું પ્રભુત્વ વધી ગયું છે. આ આતંકવાદના રાવણ સામે શ્રીરામચંદ્રજીની જેમ શૌર્યપૂર્વક લડવા માટે આપણે કટિબદ્ધ થઈશું તો જ ખરા અર્થમાં વિજયાદશમીનું પર્વ ઊજવાયું સાર્થક કહેવાશે. વીરતા અને શૌર્યના સદ્‌પ્રેરક પર્વ નિમિત્તે, ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આતંકવાદ અને ભ્રષ્ટાચારના ભરડામાં ઘેરાયેલા માનવીઓ ખરેખર જાગૃત થાય અને રાવણ જેવા આતંકવાદીઓનો વધ કરી શકાય. બસ,... એક નવા જ સોનેરી પ્રભાતે ઉમંગભેર વિજયાદશમીનું પ્રેરકપર્વ ખરા અર્થમાં ઊજવાય એવી પ્રભુ પ્રાર્થના!...ઈશ્વર આ માટે સૌને શક્તિ આપે!

વિજયાદશમીના શુભ અવસરે સૌનું કલ્યાણ થાય તેવી માઁ અંબાને પ્રાર્થના કરું છું. જયશ્રી રામ..જય અંબે.. ■ Mo.9825702282

# સગર્ભાવસ્થામાં પોષકતત્વ યુક્ત આહારની જરૂરિયાત આઈસીએમઆર મૂજબ



સગર્ભાવસ્થામાં આહારમાં ધ્યાનમાં રાખવાના મુદ્દા

૧. સંતુલિત આહાર – દૂધ, દહીં, દાળ, અનાજ, ફળ, શાકભાજી, સૂકા મેવાં અને કઠોળનો સમાવેશ કરવો.

૨. વારંવાર ઓછો ખોરાક – એક વખત વધારે ખાવાના બદલે દિવસમાં ૫–૬ વખત ઓછું ખાવું સારું.

૩. પાણી પૂરતું પીવું – દિનપ્રતિદિન ૮–૧૦ ગ્લાસ પાણી પીવું.


વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

જરૂરી પોષક તત્ત્વો અને તેમનાં સ્ત્રોત

૧. પ્રોટીન (Protein)

- જરૂરી છે: બાળકના કોષો, પેશીઓ અને અંગોના વિકાસ માટે.
- સ્ત્રોત: દાળ, ચણા, રાજમા, મગફળી, દૂધ, દહીં, પનીર, ઈંડા.

૨. આયર્ન (Iron)

- જરૂરી છે: રક્તમાં હિમોગ્લોબિન વધારવા માટે, માતા અને બાળક બંનેને ઓક્સિજન પૂરું પાડવા.
- સ્ત્રોત: પાલક, મેથી, દાળ, ગુલકંદ, સુકા ખજૂર, દાડમ, ગોળ, લીલા શાક.

૩. કેલ્શિયમ (Calcium)

- જરૂરી છે: બાળકના હાડકાં અને દાંત માટે.
- સ્ત્રોત: દૂધ, દહીં, તલ, રાગી, છાશ, બદામ.

૪. ફોલિક એસિડ (Folic Acid)

- જરૂરી છે: બાળકના મગજ અને નર્વસ સિસ્ટમના વિકાસ માટે.
- સ્ત્રોત: લીલા પાંદડાવાળા શાક, દાળ, કઠોળ, સંતરા.

૫. વિટામિન C

- જરૂરી છે: આયર્ન શોષણમાં મદદરૂપ.
- સ્ત્રોત: લીંબુ, નારંગી, આમળા, ટામેટાં.

૬. ઓમેગા-૩ ફેટી એસિડ

- જરૂરી છે: બાળકના મગજ અને આંખના વિકાસ માટે.
- સ્ત્રોત: અળસી, અખરોટ, તલ.

- શું ટાળવું?

- વધારે મસાલેદાર અને તેલિયું ખાવું નહીં.
- કાચું અથવા અધકચરું માંસ/ઈંડું નહીં.
- ધુમ્રપાન, દારૂ અને વધારાના કેફિનથી દૂર રહેવું.

- સગર્ભાવસ્થામાં એક દિવસનો આહાર આયોજન

- સવારે (ઉઠ્યા પછી)

- ગરમ પાણીમાં લીંબુ કે આમળાનો રસ
- ૪–૫ ભીંજવેલી બદામ + ૧–૨ અખરોટ

- નાસ્તો (સવારના ૮–૯ વાગ્યે)

- દૂધ સાથે ઓટ્સ / ઉપમા / પોહા / વેજીટેબલ ખીચડી
- ૧ ફળ (જેમ કે કેળું, સફરજન કે દાડમ)

- મધ્યાહ્ન પહેલાં (૧૧ વાગ્યે)

- છાશ અથવા દૂધ
- સાથે થોડી મગફળી / ચણા / ડ્રાયફ્રૂટ્સ મિક્સ

- બપોરનું ભોજન (૧–૨ વાગ્યે)

- ૨–૩ ઘઉં / મલ્ટિગ્રેઈન રોટલી
- ૧ વાટકી દાળ / કઠોળ / કઢી
- ૧ વાટકી લીલાં શાક / મિશ્રિત શાકભાજી
- ૧ વાટકી દહીં
- ભાત (થોડોક)
- સલાડ (ગાજર, કાકડી, ટામેટા)

- સાંજનો નાસ્તો (૪–૫ વાગ્યે) ■

hemangidmehta@gmail.com

# બકા બકા, હવે પાણીપુરી પુરાણ બંધ કરીને કહીશ કે, વાત શું છે ?



'બોસ, મારાં જેવા ઘણાંય સીધાં સાદા ગુજરાતીને એક વાત નથી હમજાતી.'

'બસ ! એક વાતનો જ પ્રોબ્લેમ છે? આપણે ત્યાં ઘણાંય ગુજરાતી એવાં છે, જેને એક તો શું, એકેય વાત નથી હમજાતી. એમાં એક વાત નાં હમજાય એ કાંઈ મોટો પ્રશ્ન નાં ગણાય. '

'તમારી વાત હાચી હશે. પણ, આ એક વાત સો વાત બરાબર છે. એનું શું કરવું? અને આ વાત મોટાં ભાગનાં હંધાય ગુજરાતીને લાગું પડે છે, એટલે તમને પૂછ્યું છે.'

'કઈ વાત નથી હમજાતી? બૈરાઓની વાત છોડીને/મૂકીને હંધીય વાત કરજે. એક બૈરાઓને છેટાં રાખજે.'

'તમેય તે શું બોસ, બૈરા હારે લગન કર્યા છે. તો એમને છોડીને કોની વાત કરવી? અને એમને છોડીને વાત કરવા માંડશું, તો બચારા એમની વાતું કોણ કરશે??'


લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

'અરે એમનાં માટે બૈરાઓ જ કાફી છે. એ જગત ભરની વાતું કરશે. અને એમની જ વાતો નહીં કરે ?

નાના એવું ના બને. પણ, તને હમજાતું શું નથી? ઈ કેને.' 'આ બૈરાઓએ લગન આપડી હારે કર્યા છે. અને પ્રેમ વધારે કરે છે, પાણીપુરીને. આપણને જોઈને મોઢું બગડે છે. અને પાણીપુરી જોઈને મોઢું મલકે છે. આ પાણીપુરી આવી ક્યાંથી? આપણાં ગુજરાતીની દેન હોય એવું લાગતું તો નથી.'

'આમ તો એનો જન્મ કદાચ ઉત્તર પ્રદેશથી થયો હશે. પછી અમદાવાદમાં આવી. પકોડીથી એમની ઓળખાણ થઈ. ગોળ ગપ્પા પણ એનું નામ પડ્યું અને હવે નાના નાના ગામડાં સુધી પહોંચી ગઈ છે.' 'પણ, આ પાણીપુરીમાં એવી શું કરામત છે કે, તને હમજાતું નથી.'

'તમે બૈરાઓને ઘરે પચાસ પાણીપુરી ખવરાવો તોય એમને ઓડકાર નહીં આવે. મજા નહીં આવે અને લારીએ જઈને એ એક જ પ્લેટ ખાશે તરત જ ઓડકાર આવી જાહે. આનું કારણ શું?'

'બકા, પાણીપુરીનો જન્મ ઝૂંપડામાં થયો છે. એટલે એમને બંગલામાં નો ફાવે આ હકીકત છે. પ્યોર સીંગતેલ હારે એમને બાપે માર્યા વેર છે. એટલે એમને પામોલિન અને એ પણ દાઝીયું તેલ જ ફાવે છે.

સીધાં સાદા અને સુંદર બટાકાંની એમને ઈર્ષા થાય છે. એટલે વાંકા-ચુંકાને કાળાં મોઢાળા હારે એને વધારે જામે છે. સ્વચ્છ અને ચોખ્ખા હાથની એમને એલર્જી છે. ગંદા અને ગોબરા હારે એને પાક્કી ભાઈબંધી છે.

એ.સી. કે પંખા હારે એને લેણાંદેવી જ નથી. ગટર અને ગંદુ નાળુ એમનું પ્રિય રહેઠાણ છે.

હવે આ બધો જ સ્વાદ એમાં ભળે તો જ પાણીપુરીનો અસલી સ્વાદ આવે છે.'

'બોસ બોસ, તમે મૂળ વાત હમજતા જ નથી. આ પાણીપુરીએ કેટલાંયના છૂટાછેડા કરાવ્યા'ય છે. અને કેટલાંય છૂટાછેડા વાળાના અહીં નવાં હાંધાય થયાં છે. લારી ઉપર નાની છોકરીથી માંડીને દાંત વગરની ડોસીયું લાઈમાં ઉભી રહે છે. જાણે મધપૂડા ઉપર માખીઓ. મોઢું નાનું ને પુરી મોટી હોય તો પણ પરાણે મોઢાંમાં ઠૂંસે છે.

તમારાં ઘરે બનેલાં માલપુવા મૂકીને એ પાણીપુરી ખાવા લારીએ જશે. એટલે આ પાણીપુરીમાં કાંઈક તો એવું છે, જે સમગ્ર સ્ત્રી જાતિને એમનાં તરફ ખેંચે છે. એક પ્લેટ પાણીપુરીમાં એવી તાકાત છે કે, હારા હારા અબોલા પાણીપુરીની માફક ઓગળી ગયાં છે.'

'બકા બકા, હવે પાણીપુરી પુરાણ બંધ કરીને કહીશ કે, વાત શું છે? બાકી પાણીપુરીના એક ઢગલાંને એક જ મુક્કો મારતાં આખે આખો પાણીપુરીનો ઢગલો હતો ન હતો કરી દઈશ. પાણીપુરીમાં વળી શું તાકાત છે!??'

'બોસ, તમે ભૂલો છો. મેં તો તમને આખી પાણીપુરીની પ્લેટની વાત કરી 'તી. બાકી, બે નંગ પાણીપુરીની તાકાત તમારે જોવી છે?'

'પાછો પાણીપુરી પુરાણ કરીને પગે લાગવા માંડ્યો ?''પગે હું નથી લાગતો બોસ. આંખે આખું પોલીસ ખાતું પગે પડી ગયું છે. એવી છે, બે નંગ પાણીપુરીની તાકાત.'

'હવે તો ફોડ પાડીને વાત કર.'

'બોસ, વાત છે, સંસ્કારી નગરી વડોદરાની. પાણીપુરીનું સામ્રાજ્ય તો ત્યાં પણ હોય જ. એક મહિલા રોજ પાણીપુરી ખાવા આવે. એક દિવસ એમને બે નંગ પાણીપુરી ઓછી મળી હશે કદાચ! એમણે પાણીપુરીની લારી સહિત આખે આખો રોડ જ માથે લીધો. રસ્તે નીકળતાં લોકોએ એમને હમજાવી. પણ, માને તો મહિલા કહેવાય!??

હવે તમે જૂઓ બે નંગ પાણીપુરીની તાકાત. એ મહિલા ટ્રાફિક વાળા રોડ વચ્ચોવચ્ચ જ પલાંઠી વાળીને બેસી ગઈ. વાહનો હંધાય અટવાયા, જેમ પુરુષો અટવાયા એમ. પોલીસ ખાતું આવી ચડ્યું.

મહિલાને હમજાવી. પણ, એ બે નંગ વાળી મહિલા ના માની તે ના જ માની.

પોલીસે કદાચ! કહ્યું ય હશે. 'હેં મારી મા, અમારું ઘરમાં તો નથી હાલતું, અહીં તો હાલવાં દે..!!'

મહિલાએ એક જ રટ પકડી. 'એ પાણીપુરી વાળો આ રોડ ઉપર ના હોવો જોઈએ.'આખરે મહિલા તો ના માની. પણ, પોલીસે બિચારાં પાણીપુરી વાળાને હાથ જોડ્યા. પુરુષ ખરોને. પાણીપુરી વાળો માની ગયો. લારી લઈને બિચારો ઘરે વયો ગયો.


આ છે બે નંગ પાણીપુરીની તાકાત. ■ kalubhaibhad123@gmail.com

# નવરાત્રિમાં માના દર્શને..( 3 )

નવરાત્રિ એટલે નવદુર્ગાનું પર્વ, આ પર્વ દરમિયાનના ૧૦ દિવસ શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક જે-તે માતાજીના પૂજા-પાઠની સાથે રાતે ખૂબ ઉત્સાહપૂર્વક મન મૂકીને માના રાસ-ગરબા ગવાય છે ને રમાય છે. ત્યારે આ નવરાત્રિમાં આપણે ગુજરાતનાં શક્તિ મંદિરોના દર્શન કરી પાવન થઈએ..

**રુકમણિ મંદિર (દ્વારકા)**

રુકમણિ મંદિર દેવભૂમિ દ્વારકાથી ૨ કિ.મી.ના અંતરે આવેલું શ્રીકૃષ્ણની મુખ્ય રાણી રુકમણિને સમર્પિત મંદિર છે. આ મંદિર ૨૫૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે. જો કે, તેના હાલના બાંધકામ પરથી તે ૧૨મી સદીનું હોવાનું લાગે છે. આ મંદિર મહત્ત્વનું રાષ્ટ્રીય સ્મારક પણ છે.




મંદિરની બાહ્ય દીવાલો પર દેવી-દેવતાના શિલ્પ કોતરેલાં છે અને ગર્ભગૃહમાં રુકમણિની મૂર્તિ બિરાજમાન છે. મંદિરના સ્તંભો પર માનવ આકૃતિઓ અને હાથીઓનું સુંદર નિરુપણ કરાયું છે. રુકમણિ અને કૃષ્ણના અલગ-અલગ અને એકબીજાથી દૂર રહેલાં મંદિરની રસપ્રદ દંતકથા એવી છે કે, દુર્વાસા ઋષિની વિનંતીથી કૃષ્ણ અને રુકમણિ ભોજન કરવા માટે તેમને જાતે રથમાં ખેંચીને લઈ ગયાં, એ દરમિયાન રસ્તામાં રુકમણિને ખૂબ તરસ લાગી, ત્યારે કૃષ્ણએ પાણી માટે પોતાનો અંગૂઠો જમીન પર મૂકી ગંગાનું અવતરણ કર્યું હતું. રુકમણિએ તે પાણી પી પોતાની તરસ છીપાવી. પરંતુ, પોતાને પાણી માટે ન પૂછતાં દુર્વાસાને પોતાનું અપમાન થયું હોય તેમ લાગતાં, તેમણે રુકમણિને તેના પતિથી અલગ રહેશે તેવો શ્રાપ આપ્યો હતો.

**હર્ષદ માતા મંદિર (કોયલા ડુંગર)**

જામનગર જિલ્લાના કલ્યાણપુર તાલુકાના હર્ષદ (ગોધવી) ગામમાં આવેલું હરસિદ્ધિ માતાનું મંદિર અનેરું મહાત્મ્ય ધરાવે છે. કોયલા ડુંગરની ટોચ પર અને તળેટીમાં એમ બંને સ્થળે માતાનાં મંદિર આવેલાં છે, આ બંને મંદિર સાથે પૌરાણિક કથા સંકળાયેલી છે. હાલાર અને સોરઠની સરહદે આવેલું આ મંદિર ભગવાન કૃષ્ણ તથા રાજા વિક્રમાદિત્યના કુળદેવીનું સ્થાનક છે. અહીં સતત એક કલાક યોજાતી મા હરસિધ્ધિની આરતી અતિ અદ્ભુત અને જોવા-જાણવા-માણવા જેવી નયનરમ્ય છે. એવું મનાય છે કે, આ આરતી વખતે માતા હરસિદ્ધિ અહીં હાજરાહજૂર હોય છે, તેથી જ અહીંના હિંડોળા માના આગમનની સાથે જ આપોઆપ ઝૂલવા માંડે છે. ત્યારે મંદિરનું વાતાવરણ શાંત અને ભાવવિભોર બની જાય છે.

ભગવાન શ્રીકૃષ્ણના કુળદેવી ગણાતાં હરસિદ્ધિ માતાના કોયલા ડુંગર પરના પ્રાગટ્યની કથા છે કે, બેટ દ્વારકામાં રહેતા રાક્ષસ શંખાસુરને હણવા ભગવાન શ્રીકૃષ્ણએ કુળદેવી હરસિદ્ધિ માતાની કોયલા ડુંગર પાસે પૂજા-અર્ચના કરી. શ્રીકૃષ્ણની ભક્તિથી પ્રસન્ન થયેલાં માતાજી કોયલા ડુંગર પર પ્રગટ થયાં અને શ્રીકૃષ્ણને કહ્યું, તમે તો ત્રિભુવનના નાથ છો, સર્વશક્તિમાન છો, છતાં મને કેમ યાદ કરી? ત્યારે કૃષ્ણએ માતાજીને વિનંતી કરી કે, બેટ દ્વારકામાં રહેતા રાક્ષસ શંખાસુરને હણવા મારે તમારી સહાયની જરુર છે. ત્યારે માતાજીએ વચન આપ્યું કે "જ્યારે તમે છપ્પનકોટિ યાદવો સાથે શંખાસુરને હણવા જાવ, ત્યારે દરિયા કિનારે ઊભા રહી મારું સ્મરણ કરજો. હું અચૂક તમારી મદદે આવીશ." માતાજીના આશીર્વાદ મળતાં છપ્પનકોટિ યાદવો સાથે શ્રીકૃષ્ણએ કોયલા ડુંગરની ટોચ પર મા હરસિદ્ધિનું સ્થાપન કર્યું. કોયલા ડુંગરની ટોચ પરના મંદિરે જવા માટે ૪૦૦ પગથિયાં છે. ડુંગર પર પહોંચી માના દર્શન કરનારને માતાનાં દર્શનની સાથે પ્રકૃતિનું અનેરું સ્વરૂપ પણ માણવા મળે છે, કારણ કે તળેટીમાં અરબી સમુદ્ર દષ્ટિમાન થાય છે.




ડુંગરની ટોચ પરથી માતાજી નીચે કેવી રીતે આવ્યાં તેની પૌરાણિક કથા ઘણી રસપ્રદ છે. એક લોકવાયકા મુજબ દરિયામાં વેપાર કરવા માટે નીકળતાં વહાણ જ્યારે કોયલા ડુંગર પાસે માતાના મંદિર સામે આવે ત્યારે માતાનું સ્મરણ કરી દરિયામાં નાળિયેર પધરાવ્યા પછી જ આગળ વધે છે, જેથી તેમની આગળની મુસાફરી નિર્વિઘ્ને પાર પડે. એકવાર કચ્છના વેપારી જગડુશા પોતાનાં સાત વહાણમાં માલ ભરી વેપાર કરવા નીકળ્યા, પણ માતાની સન્મુખ તેમનાં વહાણ આવતાં તેઓ માતાજીને આહુતિ આપવાનું ભૂલી ગયા એટલે તેમનાં છ વહાણ તો ડૂબી ગયાં પણ સાતમા વહાણને બચાવવા જગડુશાએ માતાને ભાવભીની પ્રાર્થના કરતા, માતાએ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું. તો જગડુશાએ કહ્યું, 'માતાજી તમે ડુંગરની ટોચ પરથી તળેટીમાં પધારો અને આજ પછી કોઈનાં વહાણ ડૂબે નહીં તેવું કરો.' માતાએ જગડુશાની કસોટી કરવા કહ્યું, 'જો તું દરેક પગથિયે મને બલિ ચઢાવે તો હું નીચે આવું. જગડુશાએ માતાની શરત માની દરેક પગથિયે એક-એક પશુનો બલિ આપતા ગયા, પણ છેલ્લાં ચાર પગથિયાં બાકી હતાં ત્યારે બલિ ખૂટી જતા જગડુશાએ પોતાના દીકરા, બે પત્નીનો બલિ આપ્યો અને છેલ્લા પગથિયે પોતાનો બલિ આપ્યો. અંતે માતાજીએ તેમની ભક્તિથી પ્રસન્ન થઈ જગડુશા, દીકરો, બંને પત્ની તથા તમામ બલિને સજીવન કર્યા અને શેઠ જગડુશાએ માતાજીનું મંદિર ડુંગરની તળેટીમાં નિર્માણ કરાવ્યું.

પ્રવાસનામા

જયસ્વી પટેલ

■ sanjogpurti@gmail.com

# ગુલાબ અને ભમરો



એક બગીચામાં એક ખૂબ જ સુંદર ગુલાબનું ફૂલ ખીલ્યું હતું. તેનો રંગ ઘેરો લાલ હતો અને તેની સુગંધ દૂર-દૂર સુધી ફેલાતી હતી. બધા પતંગિયાં અને પક્ષીઓ તેની સુંદરતાનાં વખાણ કરતાં. પોતાનાં વખાણ સાંભળી ગુલાબ પોતાની સુંદરતા પર અભિમાની બની ગયું.

એક દિવસ, એક નાનકડો ભમરો ઊડતો-ઊડતો ત્યાં આવ્યો. તે આખો દિવસ મહેનત કરતો અને 'ગુણ... ગુણ...' કરતો મધુર ગુંજન કરતો. તે ગુલાબની પાંદડીઓ પાસે પહોંચ્યો અને ધીમેથી રસ ચૂસવા લાગ્યો.

ગુલાબે તિરસ્કારથી કહ્યું, 'અરે ઓ ગુંજન કરતા જીવડા! તું કોણ છે? તારો રંગ તો કાળો છે અને તું કેવો વાંકોચૂંકો દેખાય છે. તું મારા જેવા સુંદર ફૂલ પર કેમ બેઠો છે?'

ભમરો જરા પણ દુઃખી ન થયો. તે શાંતિથી રસ ચૂસતો રહ્યો અને બોલ્યો, 'ગુલાબભાઈ, મારું નામ મધુકર છે. હું ભલે કાળો હોઉં, પણ હું ફૂલોનો મિત્ર છું. હું તમારામાંથી રસ લઉં છું અને બદલામાં તમારા ફૂલોને ફળ બનાવવામાં મદદ કરું છું. મારું કામ મહેનત કરવાનું છે.'


રે વાર્તા!
મનીષ સુથાર

ગુલાબે મોં મચકોડ્યું અને કહ્યું, 'તારું કામ? મારું કામ તો અહીં ઊભા રહીને સુંદર દેખાવું છે, જેના કારણે બધા મારી સુંદરતાનાં વખાણ કરે છે. તું તો આખો દિવસ જ્યાં ત્યાં ભટક્યા કરે છે!'

મધુકર ભમરો હસ્યો અને બોલ્યો, 'ગુલાબભાઈ, ભલે તમે જેટલા બહારથી સુંદર છો, તેટલો હું પણ મારા કામથી સુંદર છું. શું તમને ખબર છે કે જે ફૂલનું મધ હું એકઠું કરું છું, તે મધ કેટલું મીઠું અને ગુણકારી હોય છે?'

ગુલાબને ભમરાની વાત સાંભળીને થોડો ગુસ્સો આવ્યો, પણ તે ચૂપ રહ્યો. થોડા દિવસો પછી બગીચામાં જોરદાર વરસાદ આવ્યો અને ભારે પવન ફૂંકાયો. સુંદરતા અને ઘમંડમાં રહેલું ગુલાબનું ફૂલ પવનના જોરથી જમીન પર ઢળી પડ્યું. તેની સુંદર પાંખડીઓ કાદવમાં ખરડાઈ ગઈ. ગુલાબ ખૂબ દુઃખી થઈ ગયું અને રડવા લાગ્યું.

એ જ સમયે, મધુકર ભમરો વરસાદ બંધ થયા પછી તરત આવ્યો. તેણે જોયું કે ગુલાબ દુઃખી છે. ભમરાએ ઝડપથી ઊડીને આજુબાજુના પાંદડા ભેગા કર્યા અને ઢળી પડેલા ગુલાબની આસપાસ ટેકો બનાવવાનો પ્રયત્ન કર્યો. પછી તે પોતે ધીમેકથી ગુલાબની પાંખડીઓ પર બેઠો અને ધીમા સ્વરે ગુંજન કરવા લાગ્યો.

ગુલાબે આશ્ચર્યથી પૂછ્યું, 'મધુકર, મેં તારું અપમાન કર્યું હતું. છતાં તું કેમ મને મદદ કરી રહ્યો છે?'

મધુકરે કહ્યું, 'ભલે તમે મને બહારથી કાળો કહ્યો, પણ હું જાણું છું કે તમે અંદરથી ખૂબ સારા છો. સાચી સુંદરતા રંગમાં નહીં, પણ સારા સ્વભાવ અને મદદરૂપ થવામાં હોય છે.'

ગુલાબ શરમાઈ ગયું. તેણે ભમરાનો આભાર માન્યો અને કહ્યું, 'મધુકર, આજે મને સમજાયું કે સુંદરતાથી વધારે મહત્ત્વનું કામ અને સારો સ્વભાવ ધરાવનારું જીવન હોય છે. તું ખરેખર મારો સાચો મિત્ર છે.' ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# ભવિષ્યમાં પરમાણુ અને જૈવિક હુમલાઓ સામે તૈયાર રહેવું જરૂરી છે : સીડીએસ જનરલ અનિલ ચૌહાણ

નવીદિલ્હી, તા.૩૦

સીડીએસ જનરલ અનિલ ચૌહાણે કહ્યું, ×આપણે ભવિષ્યમાં પરમાણુ અને જૈવિક જોખમો સામે તૈયાર રહેવું જોઈએ.× નવી દિલ્હીના માણેકશા સેન્ટર ખાતે લશ્કરી નર્સિંગ સેવાના ૧૦૦મા સ્થાપના દિવસ પર પોતાના સંબોધનમાં, સીડીએસ ચૌહાણે જણાવ્યું હતું કે આજના ડેટા-કેન્દ્રિત યુદ્ધના યુગમાં, જ્યાં માહિતીની પહોંચ દુશ્મનને આપણા પર વિજય અપાવી શકે છે, ત્યાં તબીબી ડેટાની ભૂમિકા મહત્વપૂર્ણ છે. સીડીએસ જનરલ અનિલ ચૌહાણે જણાવ્યું હતું કે, ×ભારતીય ડીએનએ અનન્ય છે. આપણી રોગપ્રતિકારક શક્તિ વિવિધ વાતાવરણ અથવા ચેપ પ્રત્યે અલગ રીતે પ્રતિક્રિયા આપે છે. તેથી, વ્યક્તિગત તબીબી ડેટાની સુરક્ષા પણ એટલી જ મહત્વપૂર્ણ છે, જેમાં કેસ ઈતિહાસ, અહેવાલો અને તબીબી આરોગ્ય રેકોર્ડનો સમાવેશ થાય છે. આરોગ્ય પેટર્ન,



જમાવટ અને સ્થળાંતર યોજનાઓ સહિત ઓપરેશનલ ડેટાને પણ લીકથી સુરક્ષિત રાખવાની જરૂર છે. જોકે ડેટા સુરક્ષા અને ડેટા સુરક્ષા લશ્કરી નર્સિંગ સેવાની સીધી જવાબદારી નથી, તમારે આ તમામ પ્રકારના પડકારોથી વાકેફ રહેવું જોઈએ.× સીડીએસ ચૌહાણે જણાવ્યું હતું કે ×આપણી નર્સોની તાલીમ ભવિષ્યના પડકારોને ધ્યાનમાં લેવી જોઈએ.× કોવિડ રોગચાળા દરમિયાન વિશ્વ મુશ્કેલ સમયમાંથી પસાર થયું. મારા મતે, જૈવિક જોખમો, પછી ભલે તે માનવસર્જિત હોય, આકસ્મિક હોય કે કુદરતી, ભવિષ્યમાં વધવાની શક્યતા છે.

# અમને આશા છે કે પેલેસ્ટાઇન અને ઇઝરાયલ બંને રાષ્ટ્રપતિ ટ્રમ્પની પહેલ પાછળ એક થશે :પીએમ મોદી

નવીદિલ્હી, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાઝા સંઘર્ષને સમાપ્ત કરવાની યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની યોજનાની જાહેરાતનું સ્વાગત કર્યું છે. પીએમ મોદીએ કહ્યું કે અમને આશા છે કે તમામ સંબંધિત પક્ષો રાષ્ટ્રપતિ ટ્રમ્પની પહેલ પાછળ એક થશે અને સંઘર્ષને સમાપ્ત કરવા અને શાંતિ સુનિશ્ચિત કરવાના આ પ્રયાસને સમર્થન આપશે.પીએમ મોદીએ એક ટ્વિટમાં લખ્યું, ×અમે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગાઝા સંઘર્ષને સમાપ્ત કરવાની યોજનાની જાહેરાતનું સ્વાગત કરીએ છીએ. આ પેલેસ્ટિનિયન અને ઈઝરાયલી લોકો માટે શાંતિનો માર્ગ પૂરો પાડશે.× તે પેલેસ્ટિનિયન અને ઈઝરાયલી લોકો તેમજ વ્યાપક પશ્ચિમ એશિયાઈ ક્ષેત્ર માટે લાંબા ગાળાની અને ટકાઉ શાંતિ, સુરક્ષા અને વિકાસનો માર્ગ બતાવશે. અમને આશા છે કે પેલેસ્ટાઈન અને ઈઝરાયલ બંને રાષ્ટ્રપતિ ટ્રમ્પની પહેલ પાછળ એક



થશે અને સંઘર્ષને સમાપ્ત કરવા અને શાંતિ સુનિશ્ચિત કરવાના આ પ્રયાસને સમર્થન આપશે.અમે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ જે. ટ્રમ્પ દ્વારા ગાઝા સંઘર્ષને સમાપ્ત કરવા માટે એક વ્યાપક યોજનાની જાહેરાતનું સ્વાગત કરીએ છીએ. તે પેલેસ્ટિનિયન અને ઈઝરાયલી લોકો તેમજ મોટા પશ્ચિમ એશિયાઈ ક્ષેત્ર માટે લાંબા ગાળાની અને ટકાઉ શાંતિ, સુરક્ષા અને વિકાસ માટે એક વ્યવહારુ માર્ગ પૂરો પાડે છે. ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં ચાલી રહેલા ઈઝરાયલ-હમાસ યુદ્ધને સમાપ્ત કરવા માટે ૨૦-મુદ્દાનો શાંતિ પ્રસ્તાવ રજૂ કર્યો છે. વ્હાઈટ હાઉસે સોમવારે આ યોજનાની જાહેરાત કરી.

# પ્રધાનમંત્રી મોદી દિલ્હીના સીઆર પાર્ક વિસ્તારમાં દુર્ગા પૂજા પંડાલની મુલાકાત લેશે

નવીદિલ્હી,તા.૩૦

પીએમ મોદી રાજધાની દિલ્હીના ચિત્તરંજન પાર્કમાં સ્થિત દુર્ગા પૂજા પંડાલોની મુલાકાત લેવાના છે. પીએમ મોદીની મુલાકાતને ધ્યાનમાં રાખીને, દિલ્હી ટ્રાફિક પોલીસે ટ્રાફિક સલાહ જારી કરી છે. જો તમે તમારા પોતાના વાહન દ્વારા દિલ્હીમાં ક્યાંય પણ મુસાફરી કરવાનું આયોજન કરી રહ્યા છો, તો દિલ્હી પોલીસની સલાહથી વાકેફ રહો.દિલ્હી ટ્રાફિક પોલીસની સલાહમાં જણાવાયું છે કે, ×આઉટર રિંગ રોડ (પંચશીલથી ગ્રેટર કૈલાશ સુધી), લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, જે.બી. ટીટો માર્ગ, ઈન્દ્ર મોહન ભારદ્વાજ માર્ગ અને સી.આર. પાર્ક મેઈન રોડના અનેક ભાગો પર બપોરે ૩ વાગ્યાથી મધ્યરાત્રિ સુધી ટ્રાફિક પ્રતિબંધો અને ડાયવર્ઝન લાગુ રહેશે.× ગુરુદ્વારા રોડ, બિપિન ચંદ્ર પાલ માર્ગ અને સી.આર. પાર્ક અને ગ્રેટર કૈલાશ-૨ ના આંતરિક રસ્તાઓ પર પણ ટ્રાફિકને મંજૂરી આપવામાં આવશે નહીં.

# ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૯૯ ટકા ભરાતા પાણીની સમસ્યા હલ

(એચ.એસ.એલ),નર્મદા,તા.૩૦

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ સિઝનમાં પહેલી વાર ૯૯ ટકા ભરાયો છે. નર્મદા નદી પરના સરદાર સરોવરમાં ઉપરવાસમાંથી પાણીનો પ્રવાહ ચાલુ રહેતા ચોમાસાની આ સિઝનમાં પ્રથમ વખત નર્મદા ડેમ ૧૩૮ મીટરને પાર પહોંચ્યો છે. આજે નર્મદા ડેમની સપાટી ૧૩૮.૨૨ મીટર પર પહોંચી છે. ઉલ્લેખનીય છે કે, નર્મદા ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. ડેમ સંપૂર્ણ ભરાવાને હવે માત્ર ૦.૪૬ સેન્ટિમીટર દૂર છે.સરદાર સરોવર ૯૯ ટકા જેટલું ભરાઈ જતા દૂર દૂર સુધી



માત્ર પાણી જ પાણી નજરે પડી રહ્યું છે. હાલ ત્યાંનો કુદરતી નજારો ઘણો જ અદભૂત બન્યો છે. ઉપરવાસમાંથી પાણીની આવક ૭૮૨૮૨ ક્યૂસેક છે. જેની સામે ૪૭૧૭૭ ક્યૂસેક પાણી નદીમાં છોડાઈ રહ્યું છે. હાલમાં આરબીપીએચ અને સીએચપીએચના ટર્બાઇન દ્વારા વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. નર્મદા ડેમના તમામ દરવાજા આવતી સિઝન સુધી બંધ કરવામાં આવ્યા છે.આ બંધની શાખા અને પેટા શાખા નહેરો દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત રાજ્યના તમામ જિલ્લાઓના અંતરિયાળ ગામો સુધી સિંચાઈનું પાણી પહોંચે છે. બાંધકામ ક્ષેત્રે આ બંધ આર.સી.સી. (સિમેન્ટ કોંક્રિટ)થી બનેલા બંધોમાં દ્વિતિય ક્રમે આવતો વિશાળ બંધ છે.

# કેનેડા સરકારે લોરેન્સ બિશ્નોઈ ગેંગને આતંકવાદી સંગઠન જાહેર કર્યું

નવીદિલ્હી,તા.૩૦

કેનેડા સરકારે લોરેન્સ બિશ્નોઈ ગેંગ સામે કડક કાર્યવાહી કરી છે. કેનેડાની સરકારે બિશ્નોઈ ગેંગને આતંકવાદી સંગઠન તરીકે સૂચિબદ્ધ કરી છે. કેનેડાના જાહેર સલામતી મંત્રી ગેરી આનંદસાંગરીએ સોમવારે આ કાર્યવાહીની જાહેરાત કરી હતી. બિશ્નોઈ ગેંગ પર કેનેડામાં ચોક્કસ સમુદાયને નિશાન બનાવીને ભય અને ધાકધમકીનું વાતાવરણ બનાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. કેનેડા સરકાર દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, બિશ્નોઈ ગેંગ સામે આ કાર્યવાહી કેનેડિયન ક્રિમિનલ કોડ હેઠળ કરવામાં આવી છે. હવે, આતંકવાદી સંગઠન જાહેર થયા પછી, કેનેડામાં બિશ્નોઈ ગેંગની માલિકીની કોઈપણ મિલકત, વાહન અથવા પૈસાને ફ્રીઝ અથવા જપ્ત કરી શકાય છે. વધુમાં, આતંકવાદી સંગઠન જાહેર થવાથી કેનેડિયન કાયદા અમલીકરણને બિશ્નોઈ ગેંગ સામે આતંકવાદી ગુનાઓ ચલાવવાની વધુ સત્તા મળશે.

# ખાનગી ટ્યુશન સંચાલકોને નિયંત્રણમાં લાવવા માટે રાજ્ય સરકાર કાયદો બનાવશે

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં ખાનગી ટ્યુશન સંચાલકોને નિયંત્રણમાં લાવવા માટે રાજ્ય સરકાર એક મહત્વપૂર્ણ કાયદો બનાવવા માટે જઈ રહી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ હેઠળ એક કમિટીની રચના કરવામાં આવી છે. તેમજ અધ્યક્ષની સાથે આઠ સભ્યોની કમિટીની પણ રચના કરવામાં આવી છે. આ આઠ સભ્યોની કમિટી ખાનગી ટ્યુશન ક્લાસીસ માટે સૌપ્રથમવાર કાયદાનો મુસદો તૈયાર કરશે અને રાજ્ય સરકારને નિયત સમયમર્યાદામાં મુસદો રજૂ કરશે. આ કાયદો ટ્યુશન ક્લાસીસની ફી, અભ્યાસક્રમ, સલામતીના ધોરણ અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લગાવવામાં મદદરૂપ થશે. રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું છે કે, નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે રાજ્ય સરકારને બે મહિનામાં કોચિંગ ક્લાસ અને પ્રાઈવેટ ટ્યુશન ક્લાસીસની ચોક્કસ ગાઈડલાઈન કે એક્ટ બનાવવા માટે સૂચના આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના સૂચના પ્રમાણે રાજ્ય સરકારે આઠ સભ્યોની કમિટી બનાવી છે. જેમાં અધ્યક્ષ તરીકે ગુજરાત શિક્ષણ બોર્ડના અધ્યક્ષની નિયુક્તિ કરવામાં આવી છે તેમજ બાકીના શિક્ષણવિદોની સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. કમિટી પણ અન્ય શિક્ષણવિદોની જરૂર જણાય તો આમંત્રિત સભ્ય તરીકે તેમની નિમણૂક કરી શકે છે

# સ્વામિનારાયણ ગુરુકુલ, તરવડામાં PTC કોલેજનો થયો પુનઃપ્રારંભ

અમરેલી, તા.૩૦

સ્વામિનારાયણ ગુરુકુલ, તરવડા ખાતે તારીખ ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પી.ટી.સી. કોલેજનો પુનઃપ્રારંભ કરવામાં આવ્યો છે. ગુરુકુલે અગાઉ આ કોલેજ દ્વારા ગુજરાતભરને હજારો નામાંકિત શિક્ષકો આપ્યા છે, જેમણે શિક્ષણક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપ્યું છે.આવનારા



વર્ષોમાં સરકારી શાળાઓમાં શિક્ષક ભરતીની તકો વધવાની સંભાવનાઓને કારણે પી. ટી.સી. અભ્યાસક્રમનું મહત્વ વધ્યું છે. આ અનુસંધાને ગુરુકુલ તરવડામાં નવી બેચનો પ્રવેશોત્સવ ધાર્મિક માહોલમાં ઉજવાયો.આ પ્રસંગે દેવપ્રસાદદાસજી સ્વામી અને સંચાલક કૃષ્ણપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રામકૃષ્ણદાસજી સ્વામી, ધીરુભાઈ બાબરીયા, છગનભાઈ ધોરાજીયા અને રઘુભાઈ કટકિયા જેવા શિક્ષણવિદોએ તાલીમાર્થીઓને મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# કોડીનારના દેદાજીની દેવળી ગામે હજારો હિન્દુ વીરાંગનાઓ દ્વારા શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજાયો

કોડીનાર, તા.૩૦

ભારતીય સંસ્કૃતિએ વીરતાની ઉપાસક અને શક્તિની પૂજક છે. હિન્દુ ધર્મના દરેક તહેવારો સમાજને કંઈક દિશા નિર્દેશ કરનારા બની રહેતા હોય છે. કોડીનાર તાલુકાના દેવળી(દેદાજીની) ગામે સમસ્ત ગામ તેમજ હિન્દુ યુવા ગ્રુપ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાતો રહેલો છે. જે દરમિયાન માં કાત્યાયનીના છઠ્ઠા નોરતાના



તસવીર : ધર્મેશ પાઠક

દિવસે માતૃશક્તિ દ્વારા શસ્ત્ર પૂજનનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો માતાઓ-બહેનો દ્વારા ભારતીય સંસ્કૃતિના પરંપરાગત પરિવેશમાં માં જગદંબા ની સમક્ષ શસ્ત્રપૂજન કરી નવરાત્રી એટલે શક્તિની ઉપાસના એ વાતને ખરા અર્થમાં સાર્થક કરી હતી.

# વેરાવળના એસ.ટી. ડેપોમાં નાટકના માધ્યમથી 'સ્વચ્છતા' અને 'વ્યસનમુક્તિ'નો સંદેશ અપાયો

વેરાવળ,તા.૩૦




પ્રજાપિતા બ્રહ્માકુમારિઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, વેરાવળ- ભાલકાના બહેનો અને ભાઈઓ દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત એસ.ટી. ડેપો ખાતે નાટકના માધ્યમથી 'સ્વચ્છતા' અને 'વ્યસનમુક્તિ'નો સંદેશ આપવામાં આવ્યો હતો. આ નાટક થકી ગ્રામીણ અને શહેરી વિસ્તારના નાગરિકોને વ્યસનથી દૂર રહેવા અંગે સંકલ્પબદ્ધ કરાયાં હતાં. આ નાટકને એસ. ટી. ડેપોના કર્મચારીઓ સહિત મુસાફરોએ પણ નિહાળ્યું હતું.

# મહામંડલેશ્વર ઘનશ્યામદાસજી મહારાજનો પ્રાગટ્ય દિન પ્રથમવાર સુરત ખાતે ઉજવાશે

બાબરા,તા.૩૦

બાબરા સ્થિત તાપડિયા આશ્રમના મહંત મહામંડલેશ્વર ઘનશ્યામદાસજી મહારાજનો પ્રાગટ્ય દિન આગામી આસો સુદ એકાદશી શુક્રવાર, તારીખ ૦૩/૧૦/૨૦૨૫ ના રોજ સુરત મુકામે ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.ઘનશ્યામદાસજી મહારાજના પ્રાગટ્યદિન નિમિત્તે તેમના અનન્ય સેવક હિતેશભાઈ



મુકુંદભાઈ જસાણી (બાબરા વાળા) દ્વારા ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પાદુકા પૂજન અને ગુરુદેવના લાંબા આયુષ્ય અને નિરોગી સ્વાસ્થ્ય માટે ધાર્મિક પૂજા-અર્ચનની સાથે ભોજન પ્રસાદ જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે.સુરતમાં ઘનશ્યામદાસજી મહારાજનો બહોળો સેવક વર્ગ હોવાથી, આ ભવ્ય કાર્યક્રમ પ્રથમ વાર સુરત ખાતે ધામધૂમથી ઉજવવામાં આવનાર છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સેવક સમુદાય ખૂબ જ હર્ષ અને ઉત્સાહ સાથે જહેમત ઉઠાવી રહ્યો છે.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૮૪/૨૦૨૫

અરજદારઃ- શ્રી બાંભણીયા ભીમજીભાઈ પાંચાભાઈ
સરનામુઃ- મું.મીતીયાળા તા.જાફરાબાદ, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળાઃ- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી,મીતીયાળા
મું. મીતીયાળા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના મીતીયાળા ગામના શ્રી બાંભણીયા ભીમજીભાઈ પાંચાભાઈ એ તેમના (૧) પિતા નામે શ્રી પાંચાભાઈ વાઘાભાઈ બાંભણીયા નું મરણ તા.૦૨/૦૪/૨૦૦૪ (૨) માતા નામે શ્રી અમરબેન પાંચાભાઈ બાંભણીયા નું મરણ તા.૨૧/૦૭/૨૦૦૧ નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.એલ.મહિડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૨૬, માહે.સપ્ટેમ્બર, સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળઃ- જાફરાબાદ
તારીખ :- ૨૬/૦૯/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# રખડતા ઢોર બાદ હવે શ્વાનનો આતંક, બાળકને બચકા ભરતા મોત

રાજકોટ,તા.૩૦

રાજકોટ જિલ્લામાં રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો છે. જેમાં શ્રમિક પરિવારની ૫ વર્ષ બાળકી વિરલ વીણામાનું મોત થયુ છે. રાજકોટના શાપર વેરાવળમાં શ્વાને વધુ એક માસૂમ બાળકીને બચકા ભરતા મોત થયુ છે. પાંચ દિવસ પહેલા હજુ બાળકી દાદાને ઘરે આવી હતી. શ્રમિક પરિવારની બાળકી ઘરની બહાર રમતી હતી ત્યારે અચાનક શ્વાન આવી ગળાના ભાગે બચકા ભર્યા હતા. રખડતા ઢોર બાદ હવે રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો છે. તાજેતરમાં જ રાજકોટ જિલ્લાના જામકંડોરણા ગામના ઈન્દિરા નગર વિસ્તારમાં રહેતા ત્રણ બાળકો ઘરની પાસે જ આવેલ ખુલ્લા મેદાનમાં કુદરતી હાજતે ગયેલ ત્યારે ત્યાં શ્વાનોના ટોળાએ બાળકો પર હુમલો કરતા બે બાળકો નાસી ગયા હતા. જ્યારે એક બાળક શ્વાનની ઝપટે ચડી જતા બાળકને શ્વાને એટલા બચકા ભર્યા કે બાળકને સારવાર મળે તે પૂર્વે જ તેનું મોત નીપજ્યું હતું.જામકંડોરણા ગામના ઈન્દિરા નગર વિસ્તારમાં શ્રમજીવીઓની વસાહત આવેલ છે. આ વસાહતમાં શ્રમજીવીઓ ઝુંપડા બાંધીને પરીવાર સાથે રહે છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

જેરામભાઈ દાનાભાઈ ભાલીયા (ઉ.વ.૬૪)નું તા.૨૮/૯/૨૫ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે લાખાભાઈ ભાલીયા, જેન્તીભાઈ ભાલીયા, જીવનભાઈ ભાલીયા, સંજયભાઈ ભાલીયા તેમના ભાઈ થાય તથા નરેશભાઈ ભાલીયા, મયુરભાઈ ભાલીયાના પિતા થાય છે. સદગતનું બેસણું તા. ૨/૧૦/૨૫ને ગુરુવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે પારેખવાડી કોર્નર નીચેનો વિભાગ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**રાજકોટ**

જામનગર નિવાસી ( હાલ રાજકોટ ) ભરતભાઈ વિશ્વનાથ જાનીનું તા. ૨૮/૯/૨૦૨૫ના રોજ કૈલાશવાસ થયેલ છે. તે શંકુતલાબેન ભરતભાઈ જાનીના પતિ, મૌસમીબેન વિષ્ણુ શર્માના પિતા, વિષ્ણુ કાંન્તિપ્રસાદ શર્માના સસરા, પાયલ જીજ્ઞેશકુમાર પાઠકના પિતા, જીજ્ઞેશકુમાર શામજીભાઈ પાઠકના સસરા, કેતનભાઈ જાનીના પિતા, ભાવિ કેતનભાઈ જાનીના સસરા થાય છે.




શુભારંભ સમારોહ
ખેલ મહાકુંભ ૨૦૨૫
શ્રી હર્ષ સંઘવી
માનનીય રાજ્યકક્ષા મંત્રી, ગૃહ, ઉદ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (રાજ્યકક્ષા),
વાહનવ્યવહાર, રમતગમત અને યુવક સેવા (તમામ સ્વતંત્ર હવાલો), ગુજરાતના
વરદ્દહસ્તે
ખેલ મહાકુંભ ૨૦૨૫નો શુભારંભ કરવામાં આવશે.
પુરુષ ખેલાડીઓ ૪૩,૮૩,૫૨૦
રેકોર્ડ બ્રેક કુલ રજિસ્ટ્રેશન ૭૨,૫૭,૮૮૭
મહિલા ખેલાડીઓ ૨૮,૭૪,૩૬૭
તાલુકા કક્ષાની સ્પર્ધા: ૦૬ નવેમ્બરથી ૧૦ નવેમ્બર ૨૦૨૫
જિલ્લા કક્ષાની સ્પર્ધા: ૧૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર ૨૦૨૫
ઝોન કક્ષાની સ્પર્ધા: ૦૧ ડિસેમ્બરથી ૧૫ ડિસેમ્બર ૨૦૨૫
રાજ્ય કક્ષાની સ્પર્ધા: ૧૬ ડિસેમ્બર ૨૦૨૫થી ૧૭ જાન્યુઆરી ૨૦૨૬
રમશે ગુજરાત, જીતશે ગુજરાત
હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી
૦૧ ઑક્ટોબર ૨૦૨૫, બુધવાર સાંજે ૦૪:૦૦ વાગે
બ્લોક-સી, પહેલો માળ, ઇન્ડોર એરેના, વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ, નારણપુરા, અમદાવાદ.
સ્થળ પર પહોંચવા માટે સ્કેન કરો
@sports_authority_of_gujarat @sportsauthorityofgujarat @SportsAuthorityofGujarat @sagofficialpage


હાર્દિક શુભેચ્છા
લોકપ્રશ્નને વાચા આપી લોકોના હૃદયમાં અનેરૂ સ્થાન ધરાવતું
અને સપ્તાહનાં સાતેય દિવસ પ્રસિધ્ધ થતા એકમાત્ર દૈનિક
સંજોગ ન્યૂઝ
આપની વાત આપણું અખબાર...
ને ૯ મા વર્ષમાં મંગલ પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છા
અને ઉત્તરોત્તર પ્રગતિ કરી સફળતાના
શિખર સર કરે તેવી શુભકામનાઓ
શુભેચ્છક
ડો. ડી.એમ. ઉનડકટ એમ.ડી.
ડો. રૂષીતા જેઠવા એમ.ડી.
ડો. આર. ડી. ઘોડાસરા એમ.એસ.
ડો. ઉત્સવ ઉનડકટ એમ.ડી.
ડોકટર હાઉસ
કોલેજ રોડ, અમરેલી H.(02792) 223434 Mob. 98252 35114


સેલ.... સેલ.... સેલ.... સેલ.... સેલ.... સેલ.... સેલ.... સેલ....
SALE
દિવાળીના નવલા દિવસો માટે
મેગા સેલ
આજથી આપની આતુરતાનો પ્રારંભ
ટોટલી ઇમ્પોર્ટેડ કલેકશન
રૂા. ૧૦૦ થી ૯૦૦ સુધી
૧૫૦૦૦ થી વધારે ડીઝાઇન
લેડીઝવેર
ચીલ્ડ્રનવેર
વિન્ટર કલેકશન
અન્ડર ગારમેન્ટ
એડ્રેસ: સંઘવી ધર્મશાળા, બી.પી.એમ સાયકલ સ્ટોર પાસે, સ્ટેશન રોડ, અમરેલી મો. ૯૦૯૯૫૦૭૦૭૨